અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૯ જુલાઈ ૨૦૨૪, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૮૦, અષાઢ સુદ ૩

વર્ષ : ૧૫
અંક : ૩૩૯

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## NEET પેપર લીક મુદ્દે સુપ્રીમ કોર્ટે કહ્યું

બેંચે તમામ પક્ષકારોની દલીલો સાંભળ્યા બાદ આગામી સુનાવણી ૧૦મી જુલાઈએ હાથ ધરવાનો નિર્ણય લીધો : આ મામલે કુલ ૩૮ અરજી પેન્ડિંગ

# પેપર લીક થયું છે પણ બે વિદ્યાર્થીની ગેરરીતિના કારણે પરીક્ષા રદ ન કરાય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

સુપ્રીમ કોર્ટમાં આજે NEET પેપર લીક મામલે સુનાવણી હાથ ધરાઈ હતી. NEETની પરીક્ષામાં ગેરરીતિ અંગે અનેક અરજીઓ સુપ્રીમકોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. ચીફ જસ્ટિસ ડી.વાય.ચંદ્રચૂડ, જસ્ટિસ જે.બી.પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચ આ મામલે આજે સુનાવણી હાથ ધરી હતી. જોકે બેંચે તમામ પક્ષકારોની દલીલો સાંભળ્યા બાદ આગામી સુનાવણી ૧૦મી જુલાઈએ હાથ ધરવાનો નિર્ણય લીધો છે.

આ મામલે કુલ ૩૮ અરજીઓ પેન્ડિંગ છે. NEET પેપર લીક મામલે સીજેઆઈએ પૂછ્યું કે આ પેપર લીકને કારણે કેટલાં વિદ્યાર્થીઓના પરિણામ રોકવામાં આવ્યા? ક્યાં છે વિદ્યાર્થીઓ? ૨૩ જૂને ૧૫૬૩ વિદ્યાર્થીઓની પરીક્ષા ફરી લેવાઈ હતી. શું હજુ પણ આપણે ખોટું કામ કરનારાઓને શોધી રહ્યા છીએ? શું વિદ્યાર્થીઓ મળ્યાં? અમારા મતે તો પરીક્ષા રદ કરવી એ જ અંતિમ ઉપાય રહેશે કેમ કે તેમાં ઘણાં વિદ્યાર્થીઓ સામેલ છે. સીજેઆઈએ કહ્યું કે, 'પેપર લીક થયું હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે, પરંતુ સવાલ એ છે કે, તેનો વ્યાપ કેટલે સુધી પહોંચ્યો છે. આપણે એ સમજવાની જરૂર છે કે, પેપર લીકનો વ્યાપ કેટલો છે? માત્ર બે વિદ્યાર્થીઓએ કરેલી ગેરરીતિના કારણે આખી પરીક્ષા રદ ન કરી શકાય. અમે એ જાણવા માંગીએ છીએ કે, પેપર લીકના આરોપીઓને ઓળખવા માટે એનટીએ અને સરકારે અત્યાર સુધીમાં શું પગલા ઉઠાવ્યા છે.

પેપર લીક થયું એ વાત તો સાચી જ છે. પણ અમે એ જાણવા માગતા છીએ કે તેની અસર કેટલા લોકોને થઈ કેમ કે અમને ૨૩ લાખ વિદ્યાર્થીઓની ચિંતા છે. જેમણે આ પરીક્ષા આપવા માટે સારી એવી તૈયારી કરી હતી. અનેક લોકો એવા હશે જેમણે પરીક્ષાની તૈયારી કરી, અનેકે પેપર આપવા માટે મુસાફરી પણ કરી. તેમાં ખર્ચો પણ થયો હશે. બેંચે પૂછ્યું કે, અમારી સાયબર ફોરેન્સિક ટીમ કઈ પ્રકારની ટેક્નોલોજી ધરાવે છે.

### સીજેઆઈએ તમામ અરજદારોના વકીલોની દલીલો સાંભળ્યા બાદ આગામી સુનાવણી ૧૦મી જુલાઈએ હાથ ધરવાનો નિર્ણય કર્યો



**શું આપણે તમામ શકમંદોનો ડેટા તૈયાર ન કરી શકીએ? આ પરીક્ષામાં જે કંઈપણ થયું અને અમે જે પગલાં ઉઠાવી રહ્યા છીએ, તેના કારણે હવે પેપર લીક ન થવું જોઈએ. આ મુદ્દે ચીફ જસ્ટિસે કહ્યું કે, આ મુદ્દે નિર્ણય લેવા કોઈ નિષ્ણાતને સામેલ ના કરી શકાય? આ વિષયમાં અમે જાતે જ ના પાડવા નથી માંગતા અને આપણે એ પણ ધ્યાન રાખવું પડશે કે, ભવિષ્યમાં આવી વાત ન થવી જોઈએ. તેમણે કહ્યું કે, અમે સરકાર પાસેથી એવું જાણવા માંગીએ છીએ કે, આ મામલે સરકારે શું કર્યું ? ૬૭ વિદ્યાર્થીઓને ૧૦૦ ટકા મળ્યા છે. આપણે સમજવું પડશે કે, માર્ક આપવાની રીત શું છે? સીજેઆઈએ તમામ અરજદારોના વકીલોની દલીલો સાંભળ્યા બાદ આગામી સુનાવણી ૧૦મી જુલાઈએ હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. આ દરમિયાન સીજેઆઈ વકીલોને કહ્યું છે કે, તેઓ આગામી સુનાવણી દરમિયાન પરીક્ષા ફરી કેમ યોજવી જોઈએ, તેવી દલીલ રજુ કરે. તેમણે સરકારને પણ પરીક્ષાની તારીખોની સંપૂર્ણ યાદી આપવા આદેશ કર્યો છે. આ સુનાવણીમાં સીબીઆઈ સ્ટેટસ રિપોર્ટ પણ દાખલ કરી શકે છે.**

## ન્યૂઝ બ્રિફ

### ઓવર સ્પીડમાં આવી રહેલ બસ પલટી જતા અકસ્માત

। (એજન્સી) પંચકૂલા, તા.૮ ।

હરિયાણાના પંચકૂલા નજીક પિંજોરના પર્વતીય વિસ્તારોમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ હોવાના અહેવાલ સામે આવી રહ્યા છે. અહીં એક ડ્રાઈવરે સરકારી બસને ઓવરસ્પીડમાં દોડાવતાં પલટી ખાઈ ગઈ હતી. જેના પગલે ૪૦થી વધુ બાળકો ઈજાગ્રસ્ત થયાના અહેવાલ સામે આવ્યા છે. ઘટનાની જાણ થતાં જ ઈજાગ્રસ્ત બાળકોને પંચકૂલા સેક્ટર ૬ની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જો કે હજુ સુધી કોઈ મૃત્યુના અહેવાલ સામે આવ્યા નથી.

### આપણા જ પક્ષે નુકસાન કર્યું, ભાજપે નહીં : ઉદિત રાજ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।


દિલ્હીની નોર્થ-વેસ્ટ લોકસભા સીટ પરથી હારનો સામનો કર્યા બાદ કોંગ્રેસ નેતા ઉદિત રાજે પોતાની વ્યથા ઠલવી છે. તેમણે પોતાની હાર માટે AAPને જવાબદાર ગણાવી છે અને કહ્યું છે કે, 'દિલ્હી બીજેપીના આંતરિક સર્વેમાં એ વાત પ્રકાશમાં આવી હતી કે હું જ જીતતો હતો. પરંતુ મને મારા જ પક્ષ દ્વારા આંતરિક રીતે નુકસાન થયું છે.' ઉદિત રાજે આગળ કહ્યું, 'છેલ્લે છેલ્લે AAPના ધારાસભ્યો સમજી ગયા કે જ્યારે લોકો લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસને મત આપે છે, ત્યારે શક્ય છે કે તેઓ આવનારી વિધાનસભા ચૂંટણીમાં AAPને મત નહીં આપે.'

મુંબઈ શહેરમાં જળબંબાકાર

# મુંબઈમાં ભારે વરસાદને પગલે ફ્લાઈટ અને ટ્રેન સેવાને અસર

। (એજન્સી) મુંબઈ, તા.૮ ।

મુંબઈ અને પડોશી થાણે, પાલઘર અને રાયગઢમાં દરરોજ ૩૦ લાખથી વધુ મુસાફરો ઉપનગરીય લોકલ ટ્રેન સેવાઓનો ઉપયોગ કરે છે. છેલ્લા ૨૪ કલાકમાં મુંબઈ અને તેની આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદને કારણે વ્યાપક જળબંબાકાર અને ઉપનગરીય ટ્રેન સેવાઓ ખોરવાઈ ગઈ છે. સોમવારે સવારે ૧ વાગ્યાથી સવારે ૭ વાગ્યા સુધીના છ કલાકમાં શહેરના કેટલાક વિસ્તારોમાં ૩૦૦ મિમીથી વધુ વરસાદ નોંધાયો છે. ભારતીય હવામાન વિભાગએ મુંબઈ, થાણે, પાલઘર અને કોંકણ બેલ્ટ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. વિક્રોલીની



વીર સાવરકર માર્ગ મ્યુનિસિપલ સ્કૂલ અને MCMCR પવઈમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ નોંધાયો હતો કારણ કે ૩૧૫ મીમીથી વધુ વરસાદ નોંધાયો હતો.

ધોધમાર વરસાદને કારણે ૫૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. મુસાફરોને ચેતવણી આપવા માટે ઘણી એરલાઈન્સ X (અગાઉ ટ્વિટર) પર ગઈ અને તેમને એરપોર્ટ પર જતા પહેલા ફ્લાઈટની સ્થિતિ તપાસવા વિનંતી કરી. આખા શહેરમાંથી આવેલા વિઝ્યુઅલમાં લોકોને કમર-ઊંડા પાણીમાંથી પસાર થતા અને મુંબઈના રસ્તાઓ પર બમ્પર ટુ બમ્પર લાઈનવાળી કાર દેખાતી હતી. સમગ્ર શહેરમાં તમામ સરકારી, ખાનગી અને મ્યુનિસિપલ શાળાઓ અને કોલેજો બંધ રાખવામાં આવી છે. ડોમ્બિવલી સ્ટેશન પર, લોકો ડૂબી ગયેલા ટ્રેક પર ટ્રેનની રાહ જોતા હતા. વરલી, બુંટારા ભવન, કુર્લા પૂર્વમાં, મુંબઈના કિંગ્સ સર્કલ વિસ્તાર, દાદર અને વિદ્યાવિહાર રેલ્વે સ્ટેશનમાં પાણી ભરાઈ જવાના અહેવાલ છે.

જય શાહ પોતાની દાવેદારી રજૂ કરવાનું મન બનાવી રહ્યા છે

# બીસીસીઆઈના અધ્યક્ષ પદેથી રાજીનામું આપી શકે છે જય શાહ

### આ વર્ષે નવેમ્બરમાં ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉંસિલ એટલે કે આઈસીસીના ચેરમેન પદની ચૂંટણી થવાની છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ એટલે કે બીસીસીઆઈના હાલના સચિવ જય શાહ સાથે જોડાયેલ મોટા સમાચાર સામે આવી રહ્યા છે. કહેવાય છે કે તેઓ પોતાના પદ પરથી રાજીનામું આપી શકે છે. આ વર્ષે નવેમ્બરમાં ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉંસિલ એટલે કે આઈસીસીના ચેરમેન પદની ચૂંટણી થવાની છે. રિપોર્ટ અનુસાર, જય શાહ આ પદ માટે પોતાની દાવેદારી રજૂ કરવાનું મન બનાવી રહ્યા છે. આ જ કારણે તેઓ બીસીસીઆઈ સચિવ પદ છોડી શકે છે. ક્રિકેટ વેબસાઈટ ક્રિકબઝના રિપોર્ટ અનુસાર, જય શાહ આઈસીસી અધ્યક્ષના પદ માટે પોતાની દાવેદારી



રજૂ કરી શકે છે. હાલમાં તેને લઈને ખાલી સમાચારો સામે આવી રહ્યા છે તેઓ આ પદ સંભાળવા માગે છે કે નહીં તેને લઈને કોઈ પણ નિર્ણય લેવાયો નથી. આઈસીસી અધ્યક્ષના પદ પર હાલમાં ન્યૂઝીલેન્ડના ગ્રેગ બાર્કલે બેઠા છે. છેલ્લા ચાર વર્ષથી તેઓ આ પદ સંભાળી રહ્યા છે. બીસીસીઆઈના સમર્થનથી બાર્કલે આ જવાબદારી સંભાળી હતી.

કોંગ્રેસની ફેક્ટ ફાઈન્ડિંગ કમિટીનો રિપોર્ટ

# દિલ્હીમાં એક પણ બેઠક ન જીતવા માટે કોંગ્રેસે AAPને જવાબદાર ગણાવી

। (એજન્સી) નવી દિલ્હી,તા.૮ ।

લોકસભા ચૂંટણીમાં દિલ્હીમાં એક પણ સીટ ન જીતવા માટે કોંગ્રેસે આમ આદમી પાર્ટીને જવાબદાર ગણાવી છે. સૂત્રોને ટાંકીને આ માહિતી સામે આવી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે કોંગ્રેસની ફેક્ટ ફાઈન્ડિંગ કમિટીના રિપોર્ટમાં આ વાત સામે આવી છે. તમને જણાવી દઈએ કે કોંગ્રેસે લોકસભા ચૂંટણીમાં ઘણા રાજ્યોમાં ખરાબ પ્રદર્શનને લઈને ફેક્ટ ફાઈન્ડિંગ કમિટીની રચના કરી હતી. થોડા દિવસો પહેલા આ સમિતિએ કોંગ્રેસ અધ્યક્ષ ખડગેને પોતાનો રિપોર્ટ સોંપ્યો હતો. બે પાનાના આ રિપોર્ટમાં દિલ્હીમાં કોંગ્રેસની હારના કારણો અને સૂચનો પણ આપવામાં આવ્યા છે.

સમિતિએ શોધી કાઢ્યું છે કે ઉમેદવારોની હાર માટે આમ આદમી પાર્ટી જવાબદાર છે. ઉમેદવારોએ સમિતિના નેતાઓ સાથેની બેઠકમાં જણાવ્યું હતું કે છઇઁએ ચૂંટણી સમયે કોંગ્રેસના ઉમેદવારો માટે કામ કરવા માટે તેના કેડરને સૂચના આપી ન હતી. આ જ કારણ છે કે મતદાનના દિવસે પોલિંગ બૂથ પર છઇઁ અને કોંગ્રેસના એજન્ટ વચ્ચે સંકલનનો અભાવ જોવા મળ્યો હતો.

પોસ્ટરમાં આક્રોશજનક લખાણ લખવામાં આવ્યું

# હિન્દુઓને હિંસક કહેનાર રાહુલ ગાંધીને મહારાષ્ટ્રના મંદિરે અલગ રીતે જવાબ આપ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૮ ।

કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ૧૮મી લોકસભાના પ્રથમ સત્રમાં પોતાના પ્રથમ પ્રવચન દરમિયાન હિન્દુઓને હિંસક કહ્યા હતા. તેની સામે હવે મહારાષ્ટ્રના એક મંદિરમાં અલગ રીતે વિરોધ જોવા મળી રહ્યો છે. મહારાષ્ટ્રમાં એક મંદિરના પગથિયાં ઉપર રાહુલ ગાંધીનું પગલૂછણીયાના સ્થાને પોસ્ટર મૂકવામાં આવ્યું છે અને તેના ઉપર સમગ્ર હિન્દુ



સમાજ વતી આક્રોશજનક લખાણ લખવામાં આવ્યું છે. મરાઠી ભાષામાં લખવામાં આવ્યું છે કે, "હિન્દુઓને હિંસક અને છેડતી કરનારા કહેવાની તમારી હિંમત કેવી રીતે થઈ?" સીડીમાં લાગેલા રાહુલના આ પોસ્ટરનો વીડિયો દેશ અને દુનિયામાં ખૂબ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, ૧૮મી લોકસભાના પ્રથમ સત્રમાં રાષ્ટ્રપતિના સંબોધન પરના આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો પ્રારંભ વિરોધપક્ષના નેતા તરીકે રાહુલ ગાંધીએ કર્યો હતો. ત્યારે રાહુલ ગાંધીએ લોકસભાની અંદર કહ્યું હતું કે, હિન્દુઓ હિંસક હોય છે. રાહુલ ગાંધીનું નિવેદન આ પ્રમાણે હતું, "જે લોકો પોતાને ચોવીસે કલાક પોતાને હિન્દુ કહે છે તેઓ હિંસક હોય છે.

બિલ્ડરો પર SCની કડક ટિપ્પણી

# ખરીદદારો સાથે છેતરપિંડી થઈ રહી છે, સમગ્ર દેશમાં એક જેવો જ બને એગ્રીમેન્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

સુપ્રીમ કોર્ટે સોમવારે ભાજપના નેતા અને એડવોકેટ અશ્વિની ઉપાધ્યાયની જાહેર હિતની અરજી પર સુનાવણી કરી. ત્રણ જજની બેન્ચે જણાવ્યું હતું કે દેશભરના બિલ્ડરો ખરીદદારો સાથે છેતરપિંડી કરી રહ્યા છે. આ કારણે દેશભરમાં બિલ્ડર-ખરીદનાર કરારોમાં એકરૂપતા લાવવાની જરૂર છે. કેસની આગામી સુનાવણી ૧૯ જુલાઈએ થશે. એડવોકેટ અશ્વિની ઉપાધ્યાયે એક સમાન બિલ્ડર-બાયર એગ્રીમેન્ટ બનાવવાની માંગ કરતી પીઆઈએલ દાખલ કરી છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે સોમવારે સુનાવણી હાથ ધરી હતી. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે કહ્યું કે સમગ્ર ભારતમાં બિલ્ડરો દ્વારા ખરીદદારોને છેતરવામાં આવે છે. તેથી હવે કરારમાં એકરૂપતા લાવવાની જરૂર છે. કોર્ટે કહ્યું કે અમારે એમિકસ રિપોર્ટ જોવો પડશે. આ સિવાય કેડાઈના વાંધા પર પણ વિચાર કરવામાં આવશે. આને તમામ રાજ્યોએ લાગુ કરવાની જરૂર છે.

ઈન્ડોનેશિયાની ઘટનામાં ૧૨ના મોત

# સુલાવેસી ટાપુ પર ગેરકાયદેસર સોનાની ખાણમાં ભૂસ્ખલન

। (એજન્સી) જાકાર્તા, તા.૮ ।

ઈન્ડોનેશિયાના સુલાવેસી ટાપુ પર કેટલાક દિવસોથી પડી રહેલા ભારે વરસાદને કારણે આજે એક મોટી દુર્ઘટના સામે આવી છે. અહીં સુલાવેસી ટાપુ પર મુશળધાર વરસાદને કારણે ગેરકાયદેસર સોનાની ખાણમાં ભૂસ્ખલન થયું હતું. જેના કારણે ઓછામાં ઓછા ૧૨ લોકોના મૃત્યુ થયા છે. જ્યારે ૧૮ લોકોનો હજુ સુધી કોઈ પતો નથી. સ્થાનિક બચાવ એજન્સી બાસરનાસના વડા હેરિયાન્ટોએ જણાવ્યું હતું કે ગઈકાલે રવિવારે સવારે ગોરોન્ટાલો પ્રાંતના સુમાવા જિલ્લામાં થયેલ ભૂસ્ખલનમાં માટી નીચે દટાયેલા પાંચ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. જોકે રેસ્ક્યુ ટીમ હજુ ગુમ થયેલા ૧૮ લોકોને શોધી રહી છે. હેરિયાન્ટોએ જણાવ્યું હતું કે, ગુમ થયેલા લોકોને શોધવા માટે અમે રાષ્ટ્રીય બચાવ દળ, પોલીસ અને લશ્કરી કર્મચારીઓ સહિત ૧૬૪ જવાનોને તૈનાત કર્યા છે. તે જ સમયે, બચાવકર્મીઓએ ભૂસ્ખલન સ્થળ સુધી પહોંચવા માટે લગભગ ૨૦ કિલોમીટર એટલે કે ૧૨.૪૩ માઈલનું અંતર કાપવું પડશે. અહીં રસ્તા પર કાદવ અને સતત વરસાદના કારણે બચાવ કામગીરીમાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તેમણે કહ્યું કે જો શક્ય હશે તો તે લોકોને બચાવવા માટે એક્સેવેટરનો પણ ઉપયોગ કરશે. એજન્સીના જણાવ્યા પ્રમાણે ભૂસ્ખલનના કારણે કેટલાક મકાનો પણ ધ્વસ્ત થઈ ગયા છે.

મહિલાઓને પીરિયડ લીવ આપવાનો મામલો

# પીરિયડ લીવના મામલે સુપ્રીમ કોર્ટે અરજી ફગાવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

સુપ્રીમ કોર્ટે મહિલાઓને પીરિયડ લીવ આપવા માટે નીતિ બનાવવા માટે કેન્દ્ર, રાજ્યો અને કેન્દ્ર શાસિ પ્રદેશોને નિર્દેશ આપવાની માંગ કરતી અરજી પર સુનાવણી કરી હતી. કોર્ટે મહિલા કર્મચારીઓ માટે પીરિયડ લીવની માંગ કરતી જાહેરહિતની અરજી પર વિચાર કરવાથી ઈનકાર કર્યો હતો. જોકે મહિલા અને બાળ વિકાસ મંત્રાલયને આ સંબંધમાં એક આદર્શ નીતી નક્કી કરવા માટે તમામ પક્ષો અને રાજ્યો સાથે વાતચીત કરવા માટે કહ્યું છે. ચીફ જસ્ટિસ ડીવાઈ ચંદ્રચૂડે કહ્યું કે આ રજાઓ વધુ મહિલાઓવાળી વર્કફોર્સ બને તેને પ્રોત્સાહન આપે છે. અને જો આવી રજાઓને ફરજિયાત આપવામાં આવશે તો મહિલાઓ વર્કફોર્સમાંથી દૂર થઈ જશે. અમે આવું થાય તેમ ઈચ્છતા નથી. અમે એવું ઈચ્છતા નથી કે મહિલાઓ માટે અમે જે પ્રયત્નો કરી રહ્યાં છે, તે તેમના માટે જ નુકસાનકારક સાબિત થાય. આ અંગેની વાત ખરેખર સરકારી નીતિનો જ એક ભાગ છે. તેમાં કોર્ટે દખલગીરી કરવાની આવતી નથી. ચીફ જસ્ટિસે વધુમાં કહ્યું કે અરજદારનું કહેવું છે કે મે ૨૦૨૩માં કેન્દ્રને એક રિપ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. આ મુદ્દાઓ રાજ્યની નીતિના તમામ ઉદેશ્યોને ઉઠાવે છે. આ કારણે કોર્ટના અગાઉના આદેશ મુજબ અમારે દખલગીરી કરવાની આવતી નથી.

FSSAIએ લાગુ કર્યા નવા નિયમ

# ફૂડ પેકેટ પર હવે ખાંડ, મીઠું, ચરબીની ડિટેલ મોટા અક્ષરોમાં લખવી પડશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ભારતમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા પર નજર રાખનારી સંસ્થા ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) એ પેકેજ્ડ ફૂડ આઈટમ વેચતી કંપનીઓ માટે નવા દિશા નિર્દેશ જારી કરવાનો નિર્ણય કર્યો છે. FSSAI પેકેટ વાળા ખાદ્ય પદાર્થોમાં મીઠું, ખાંડ અને સેચ્યુરેટેડ ફેટ વિશે જાણકારીને બોલ્ડ અક્ષરોમાં છાપવાને જરૂરી બનાવવાની તૈયારી કરી રહ્યું છે.

૬ જુલાઈએ થયેલી બેઠકમાં FSSAI એ આ નિર્ણય લીધો છે કે પેકેજ્ડ ફૂડ આઈટમમાં હવે પોષણ સંબંધિત તમામ જાણકારી જેમ કે મીઠું-ખાંડનું પ્રમાણ વગેરેને યોગ્યરીતે લેબલ કરવું જરૂરી છે. FSSAI એ એ સ્પષ્ટ કરી દીધું છે કે પોષણ સંબંધિત જાણકારીને બોલ્ડ લેટર્સમાં છાપવાની સાથે જ હવે કંપનીઓને તેને મોટા ફોન્ટમાં પણ છાપવી પડશે. આ માટે FSSAI તરફથી ડ્રાફ્ટ નોટિફિકેશન જારી કરવામાં આવશે. મામલા પર તમામ પક્ષો તરફથી પ્રસ્તાવની મંજૂરી લેવામાં આવશે.

આ મામલે ડ્રાફ્ટ નોટિફિકેશન જારી કરીને ફૂડ રેગ્યુલેટર તમામ પક્ષોથી તેમના સૂચન માગશે. તમામ સૂચનમાંથી અમુકને તેમાં સામેલ કરવામાં આવશે. તે બાદ નોટિફિકેશન જારી કરીને તેને કાયદો બનાવી દેવામાં આવશે. FSSAI એ પોતાની ૪૪મી મીટિંગમાં ચેરમેન અપૂર્વ ચંદ્રાની હાજરીમાં આ નિર્ણય લીધો છે.

**ન્યૂઝ બ્રિફ**

## વડોદરામાં પાલતુ કૂતરાએ સાત વર્ષની બાળકીને બચકું ભર્યું

। (એજન્સી) વડોદરા, તા.૮ ।

વડોદરાના તરસાલીમાં મંગલા ગ્રીન સોસાયટીમાં રહેતા વર્ષાબેન પાંડેએ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે ગઈકાલે રાત્રે ૯:૩૦ વાગે હું તથા મારી દીકરી અમારા ફ્લેટમાં નીચે વોકિંગ કરવા માટે નીકળ્યા હતા. તે વખતે અમારી સોસાયટીમાં રહેતા શશીકાંત મોગે તેમનું જર્મન શેફર્ડ પાલતુ કૂતરું લઈને નીકળ્યા હતા. અગાઉ પણ તેમના ડોગ બાબતે આ એપાર્ટમેન્ટના રહીશો સાથે ઝઘડો થયો હતો અને તેમના પત્નીએ ગત છઠ્ઠી જૂને એક મહિનામાં ડોગ હટાવી દઈશું તેવી બાહેધરી આપી હતી. તેમ છતાં તેઓએ પોતાનો ડોગ બીજી જગ્યાએ શિફ્ટ કર્યું નહોતું. સોસાયટીના તમામ રહીશો તેમના વિરુદ્ધમાં હોય તેઓ ગઈકાલે રાત્રે મારી સામે આંખો કાઢીને જોતા હતા અને મને તેઓ દારૂ જેવા કેફીનો નશો કરેલો હોય તેવું લાગ્યું હતું. શશીકાંતભાઈએ તેમના જર્મન શેફર્ડ ડોગનો પટ્ટો છોડી કંઈક ઈશારો કરી અમારા તરફ દોડાવ્યું હતું. ત્યારબાદ તે ડોગ મારી પાસે આવી મારી દીકરીને જમણા પગના ઘૂંટણના નીચેના ભાગે બચકું ભરી લોહી લુહાણ કરી દીધી હતી.

## માતાએ જ પોતાના રંગીન ભવિષ્ય માટે પુત્રીને ગાળામાં બ્લેડ મારી હત્યા કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

જનની ની જોડ સખી નહીં મળે રે લોલ" કોઈ એ સાચું કહ્યું છે. પરંતુ અમદાવાદ શહેરમાં આવી ઘટના પણ બને છે કે જેમાં અગાઉ જણાવેલ ઉક્તિ ખોટી સાબિત થઈ હોય એવું લાગે છે. માં ની મમતાને શરમાવે તેવી ઘટના આજે અમદાવાદ શહેરમાં બની હતી. બનાવની વિગત મુજબ શહેરના આસ્ટોડિયા વિસ્તારમાં એક જનેતા એ જ પોતાની સગી પુત્રીની હત્યા કરી હોવાની ઘટના બની હતી. આ ઘટનામાં એક માતાએ જ પોતાના રગીંન ભવિષ્ય માટે પુત્રીને ગાળામાં બ્લેડ મારી દીધી હોવાની કબૂલાત કરી હતી. દરરોજ આપણે દેશમાં એવા અનેક કિસ્સા જોઈએ કે સાંભળીએ છીએ જેમાં એક માતા પોતાના પુત્ર કે પુત્રીના સુંદર ભવિષ્ય માટે પોતાની સુખ સુવિધાનો ત્યાગ કરતી હોય છે. પોતે ભૂખી રહીને પણ પુત્ર-પુત્રીનું પેટ ભરતી હોય છે. પરંતુ આ ઘોર કલિયુગમાં અત્યંત નિદનીય ઘટના બની હતી જેમાં આસ્ટોડિયામાં રહેતી એક યુવતીનું પોતાના પતિ સાથે બનતું ન હોવાથી, તેને છોડવા માગંતી હતી અને તેને એવું જાણવામાં આવ્યું હતું કે જો પરિણતિ મહિલાને બાળક હોય તો તેના ડિવોર્સ જલ્દી થતા નથી. આ કારણોસર તેણે પોતાની ૧૦ મહિનાની પુત્રીની હત્યાને અંજામ આપ્યો હતો. આસ્ટોડિયા દરવાજા પાસેની જશુભાઈની ચાલીમાં રહેતા ૩૦ વર્ષીય આમીન વડનગરવાલા કાપડના કારખાનામાં નોકરી કરે છે.

# કુંવરજી બાવળિયાને ગુજરાતના મુખ્યમંત્રી બનાવવા મોદીને પત્ર લખ્યો

### કોળી સમાજની લાગણી અને માંગણી રાજ્યના મુખ્યમંત્રી તરીકે કુંવરજીભાઈ બાવળીયાને મળે તેવી માંગણી

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી બાદ ભાજપના પ્રદેશ પ્રમુખની નિમણૂક અને રાજ્ય સરકારની કેબિનેટમાં ધરખમ ફેરફારો થશે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું હતું. લોકસભાની ચૂંટણીમાં પાંચ લાખની લીડનો ટાર્ગેટ અને તમામ ૨૬ બેઠકો પર જીત મેળવવામાં ભાજપનો પનો ટૂંકો પડ્યો છે. ભાજપમાં અંદરો અંદર શરૂ થયેલા વિખવાદ મુદ્દે ટૂંક સમયમાં ભાજપ સંગઠન અને સરકારમાં ફેરફાર થવાની વાત વહેતી થઈ છે. ત્યારે ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના પૂર્વ અધ્યક્ષ ભુપતભાઈ એમ. ડાભી દ્વારા વડાપ્રધાનને પત્ર લખી કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાને મુખ્યમંત્રી બનાવવા



રજૂઆત કરી હતી. ભુપતભાઈ ડાભીએ પત્રમાં જણાવ્યું હતું કે, ગત લોકસભાની ચૂંટણીમાં સૌરાષ્ટ્ર કોળી સમાજ તેમજ ઉત્તર ગુજરાતનાં ઠાકોર સમાજ, દક્ષિણ ગુજરાતમાં કોળી પટેલ સમાજ સંપૂર્ણ સાથે રહ્યો છે. તો કોળી સમાજની લાગણી અને માંગણી ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકે કુંવરજીભાઈ બાવળીયાને મળે તેવી ગુજરાત રાજ્યના કોળી સમાજની માંગ છે. ગુજરાત રાજ્યમાં કોળી સમાજની વસ્તી ૩૨ ટકા છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે આ માંગ જસદણ વિંછીયા પંથકના કોળી સમાજ અગ્રણીઓ દ્વારા કરવામાં આવી છે. આ મુદ્દે ખુદ કુંવરજી બાવળિયાએ મીડિયા સમક્ષ સ્પષ્ટતા કરી છે.આ બધી ચર્ચા વચ્ચે કુંવરજીએ દિલ્હીમાં પ્રધાનમંત્રી સાથે પણ મીટિંગ કરી હતી. આ સમગ્ર મામલે કુંવરજીએ મીડિયા સમક્ષ કહ્યું હતું કે, મારા હિતેચ્છુએ મારુ નામ સજેસ્ટ કર્યું છે પરંતુ આખરી નિર્ણય આખરે હાઈકમાન્ડે કરવાનો હોય છે. તાજેતરમાં જ ગુજરાતમાં યોજાયેલ લોકસભાની ચૂંટણીમાં ભાજપે ૨૬ માંથી ૨૫ બેઠકો પર જીત મેળવી છે. જ્યારે એક સીટ કોંગ્રેસનાં ફાળે જતા ભાજપનાં કાર્યકરોમાં નિરાશા વ્યાપી હતી. લોકસભા ચૂંટણી વખતે ભાજપમાં ચાલી રહેલ વિખવાદ પણ અમુક લોકસભા સીટ પર જોવા મળ્યો હતો. પક્ષ વિરોધી કામગીરી કરનાર લોકો સામે પ્રદેશ મોવડી મંડળ ટૂંક જ સમયમાં કાર્યવાહી કરશે તેમજ પ્રદેશ સંગઠનમાં જડમૂળથી ફેરફાર થવાની શક્યતાઓ છે. લોકસભાની ચૂંટણી બાદ હવે ગુજરાતના મંત્રીમંડળનું વિસ્તરણ થઈ શકે છે. આ રેસમાં કોનું પતુ કપાશે અને કોને સ્થાન મળશે તે આગામી સમય બતાવશે.

**તિથલ દરિયો બન્યો એકાએક તોફાની**

## સાયક્લોન સિસ્ટમ સક્રિય થતાં દરિયામાં ૧૫ ફૂટ ઉંચા મોજા ઉછળ્યા

। (એજન્સી) વલસાડ, તા.૮ ।

અગામી ૭ દિવસ રાજ્યમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે વલસાડનો તિથલનો દરિયો તોફાની બન્યો છે. અષાઢી બીજની મોટી ભરતીના કારણે દરિયામાં કરંટ જોવા મળ્યો છે. તિથલના દરિયા કિનારે ૧૦થી ૧૫ ફૂટ ઉંચા મોજા ઉછળ્યા છે. તિથલ દરિયા કિનારે ઉંચા મોજા વચ્ચે મોટી સંખ્યામાં સહેલાણીઓએ દરિયા કિનારે મજા માણી હતી. રવિવારની રજા હોવાના કારણે મોટી સંખ્યામાં સહેલાણીઓ દરિયા કિનારે પહોંચ્યા હતા. રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ભારે પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવમાં આવી છે. ત્યારે હવામાન વિભાગની વરસાદની આગાહી વચ્ચે વલસાડનો તિથલ દરિયો તોફાની બન્યો છે. સાયક્લોનિક સિસ્ટમ સક્રિય થતાં દરિયામાં કરંટ જોવા મળી રહ્યો છે. તિથલ બીચ પર ૧૫થી ૨૦ ફૂટ ઊંચા મોજાં ઊછળી રહ્યા છે. વલસાડ જિલ્લામાં ૫ દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. વલસાડના લો-લેવલના વિસ્તારો તથા તિથલ બીચની મુલાકાત લેવામાં આવી છે. વલસાડ જિલ્લામાં ઉપવાસમાં ભારે વરસાદ અને જો લો લેવલના વિસ્તારમાં પાણી ભરાય તો વહેલી તકે લોકોનું રેસ્ક્યુ કરવામાં આવે એ માટે તમામ લો લેવલના વિસ્તારોની મુલાકાત લેવાઈ હતી. સાથે ત્યાંના લોકો સાથે વાતચીત કરી પુર સમયે કઈ રીતે જાનમાલ બચાવી શકાય એ માટે માહિતી અપાઈ હતી. આગામી ૫ દિવસ ભારે વરસાદની આગાહી છે. જેમાં દરિયો પણ તોફાની બનશે. તેથી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપ ાઈ છે. દક્ષિણ ગુજરાત તરફ ઓફ સ્યોર ટ્રફ સક્રિય થતાં વરસાદની આગાહી છે. એક વરસાદી ટ્રફ લાઈન ઉત્તર પ્રદેશથી ગુજરાત તરફ છે જેને ભારે વરસાદ આવશે. આ દિવસોમાં નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરાનગર હવેલીમાં અતિભારે વરસાદની આગાહી છે. તો આ દિવસોમાં પંચમહાલ, દાહોદ, અમરેલી, ભાવનગરમાં ભારે વરસાદની આગાહી છે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ મધ્યમ વરસાદની આગાહી છે. આજે રથયાત્રાના દિવસે અમદાવાદમાં મધ્યમ વરસાદની આગાહી છે. તો આજે અમદાવાદમાં વાદળછાયુ વાતાવરણ રહેશે. આજે ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ઘણાં સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે.

**છરી બતાવીને ધમકી આપી**

## ભાડાની તકરારમાં મકાન માલિકે યુવતીને માર માર્યો

। (એજન્સી) સુરત, તા.૮ ।

ગુજરાતમાં મહિલાઓની સુરક્ષા મુદ્દે અનેક વખત સવાલો ઉભા થયાં છે. રોજગાર અર્થે મહિલાઓ એક રાજ્યમાંથી બીજા રાજયમાં જઈને રૂમ શેર કરીને રહે છે. ત્યારે સુરતમાં પણ ઈવેન્ટનું કામ કરતી મહિલા મુંબઈથી આવીને રહેતી હતી. આ યુવતીને ભાડાની તકરારમાં મકાન માલિક અને અન્ય ત્રણ શખ્સો દ્વારા માર મારવામાં આવ્યો હોવાની ઘટના બની છે. આ ઘટનાનો વીડિયો પણ ફરતો થઈ ગયો છે. પોલીસે યુવતીઓની ફરિયાદ લઈને વધુ કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ મુંબઈની અને ઈવેન્ટ મેનેજમેન્ટ સાથે સંકળાયેલી યુવતી ઘણા સમયથી સુરતમાં રહે છે. છેલ્લા બે મહિનાનુ ભાડું ચૂકવવાનું બાકી હોવાથી મકાન માલિક સહિત ત્રણથી ચાર શખશો ઘરમાં ઘૂસી આવ્યા હતા.




ભાડાની તકરારમાં મકાન માલિક એટલો ગુસ્સે થયો કે, તેણે મકાનમાં રહેતી ત્રણ યુવતીઓને મારવાનું શરૂ કર્યું હતું. જેમાંથી બે યુવતી ડરીને ભાગી ગઈ હતી અને એક યુવતી તેઓના હાથમાં આવી ગઈ હતી. મકાન માલિકે યુવતીના વાળ ખેંચીને આડેધડ ઢીકા અને મુક્કા મારવાનું શરૂ કર્યું હતું. પીડિતાને ચપ્પુ બતાવીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપ વામાં આવી હતી.

**મકાન ખાલી કરવા માલિકોને અપાઈ હતી નોટિસ**

## ભાવનગરમાં જર્જરિત આવાસો સામે મનપાની કડક કાર્યવાહી

। (એજન્સી) ભાવનગર, તા.૮ ।

ભાવનગરમાં જર્જરીત આવાસો સામે મહાનગરપાલિકાએ કડક હાથે કામ લેવાની કામગીરી શરૂ કરી છે. નોટિસ આપ્યા છતા જર્જરીત આવાસના માલિકોએ મકાનો ખાલી ન કરતા મનપા દ્વારા નળકનેક્શન, ગટર, વીજ કનેક્શન કાપવાની કામગીરી કરવામાં આવી છે. ભાવનગર મહાનગર પાલિકાએ શહેરની જર્જરિત મિલકતો સંદર્ભે કડક કાર્યવાહી હાથ ધરી છે. વારંવાર નોટિસો આપવા છતાં રહીશો દ્વારા જર્જરીત મિલકતોને ખાલી નહી કરાતા કે પછી રીપેરીંગ પણ નહીં કરાવતા અંતે કોર્પોરેશન દ્વારા તેવી મિલકતોના નળ, ગટર અને વીજ કનેક્શન કાપવાની કાર્યવાહી શરૂ કરાઈ છે. ભરતનગર અને મારુતિ નગર ત્રણ માળિયાના ૮૪ મકાનોના ડ્રેનેજ કનેક્શન કાપી નાખવામાં આવ્યા છે. તેમજ હાઉસિંગ બોર્ડના



૬૬૦ મકાન સંદર્ભે નોટીસ અપાઈ છે. પ્રશાસનનું કહેવું છે કે કોઈના જીવને જોખમ ના થાય એટલે આ કાર્ય કરાયું છે. જોકે ચોક્કસપણે મહાનગરપાલિકા દ્વારા જર્જરીત મકાનોમાં ચોમાસા દરમિયાન કોઈ જાનહાની ન થાય ધરાશાહી ન થાય તે માટે કડક કાર્યવાહી કરવી જરૂરી છે પરંતુ ગરીબ માણસો કે જે મકાન રીપેર પણ નથી કરાવી શકે તેમ તેઓ માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવી જોઈએ તેવો વિપક્ષ દ્વારા પણ અવાજ ઉઠાવવામાં આવ્યો છે. આ તરફ સ્થાનિકોનું કહેવું છે કે તેઓ ઓછી આવક ધરાવતા લોકો છે. આ સ્થિતિમાં સરકાર સહયોગની જગ્યાએ પરેશાની વધારી રહી છે.

**કોંગી નેતા પૂંજાભાઈ વંશે ભાજપ પર આકરા પ્રહાર કર્યા**

## સાંસદને જ્યારે જોવું હોય ત્યારે મને બોલાવે હું તૈયાર છું

। (એજન્સી) જૂનાગઢ, તા.૮ ।

લોકસભાની ચૂંટણીમાં જૂનાગઢથી જીત્યા બાદ ભાજપના સાંસદ રાજેશ ચુડાસમાના એક નિવેદનથી ખળભળાટ મચી ગયો હતો.જાહેર મંચ પરથી તેમણે વિરોધીઓને ખુલ્લી ધમકી આપીને કહ્યું હતું કે, ૫ વર્ષમાં મને જે નડ્યા છે હવે એમને મુકવાનો નથી. ભાજપ હિસાબ કરે કે ના કરે હુ તેમને મુકવાનો નથી. રાજેશ ચુડાસમાની આ ધમકીનો કોંગ્રેસના નેતાએ વળતો જવાબ આપ્યો હતો.

કોંગ્રેસ દ્વારા પરાજય પછી પણ કોંગી કાર્યકરોમાં જોમ અને જુસ્સો જળવાઈ રહે તે માટે લોકસભાની દરેક વિધાનસભા બેઠક પર કાર્યકરોનો આભાર દર્શન કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. ત્યારે તાલાલા વિધાનસભા બેઠકના પ્રશ્નાવડા ગામે યોજાયેલા કાર્યક્રમમાં કોંગી નેતા પૂંજાભાઈ વંશે જાહેર મંચ પરથી ભાજપ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, હું ચેલેન્જ કરું છું ભાજપના આગેવાનોને ગીર સોમનાથ જિલ્લામાં સ્થળ, સમય જ્યાં હિસાબ કરવો હોય તમે નક્કી કરો, સામસામે બેસીને હિસાબ કરવા માટે તૈયાર છું, કોણ ક્યાં છે એની ખબર પડે.સાંસદને જ્યારે જોવું હોય ત્યારે મને બોલાવે હું તૈયાર છું. કોંગ્રેસના કાર્યકરોને કહેતા હોય તો અમે પણ જવાબ માટે તૈયાર



છીએ. આ પહેલા ગીર સોમનાથ જિલ્લા ભાજપના કારોબારી સદસ્ય અને લોહાણા અગ્રણી રાકેશ દેવાણી દ્વારા તો ગીર સોમનાથ જિલ્લા પોલીસ વડાને લેખિત ફરિયાદ કરી ભાજપ સાંસદ રાજેશ ચૂડાસમાથી જીવનું જોખમ હોવાનું જણાવી કાયદેસરની કાર્યવાહી કરવા માગ કરી હતી. તેમણે કરેલી અરજીમાં કહ્યું હતું કે, રાજેશભાઈ ચુડાસમા વિરુદ્ધ ગત ચૂંટણીમાં મેં કામગીરી કરી હતી. તેમજ ડો.અતુલ ચગ કેસમાં મેં બયાન આપ્યું હતું. જેથી મને ડર લાગી રહ્યો છે કે તેમના મળતિયાઓ દ્વારા મારા પર હુમલો પણ થઈ શકે છે. મારો પરિવાર પણ મુશ્કેલીમાં મુકાઈ શકે છે.

**ભાજપનો ઝંડો લગાવીને વિરોધ**

## સુરતમાં ગાડી સમાઈ જાય તેવો ભૂવો પડતા ચકચાર

। (એજન્સી) સુરત, તા.૮ ।

ચોમાસાની સિઝનની શરૂઆતની સાથે-સાથે ભૂવા પડવાની ઘટનાઓ પણ બનતી હોય છે. કઈ કેટલાય મેગાસીટીમાં છાસવારે ભુવા પડતા હોવાની ઘટનાઓ બનતી હોય છે. ત્યારે શહેરના પુણા કેનાલ રોડ પર વિચિત્ર ઘટના બની હતી હતી. રસ્તા પર આખેઆખી ગાડી સમાઈ જાય તેવડો મોટો ભૂવો પડતા આસપાસના લોકો ચોંક્યા હતા અને તંત્રની કામગીરી સામે સવાલ ઉઠાવ્યા હતા. બનાવની વિગતો જોઈએ તો, શહેરના કેનાલ રોડ પર આવેલી પરમ હોસ્પિટલ નજીક મોટો ભુવો પડ્યો હતો. આખેઆખી ગાડી અંદર આવી જાય એવડો મોટો ભુવો પડતા લોકોમાં ભારે આશ્ચર્યની સાથે સાથે વિરોધ પણ જોવા મળી રહ્યો છે.

રસ્તામા વચ્ચોવચ્ચ જ ભુવો પડતા તંત્ર દ્વારા કરવામાં આવેલી પ્રિમોન્સુન કામગીરીની વાતો સામે પણ સવાલ ઉભા થયાં હતા અને સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો. આ ઘટનાના વિરોધમાં એક નગરજન દ્વારા ભાજપનો ધ્વજ ભૂવામાં લગાડવામાં આવ્યો હતો અને પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. આ ભુવો છે એ ભાજપના ભ્રષ્ટ્રાચારનો ભુવો છે તેમ કહીને ભાજપ



સરકાર તંત્રની નિષ્ફળ કામગીરી સામે સૂત્રોચ્ચાર સાથે રોષ વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે ભૂવો પડવાની જાણે સિઝન જામી હોય તેમ રાજ્યભરના મેગાસિટીમાં મોટા ભૂવા પડવાના બનાવો બની રહ્યા છે. ચોમાસાની શરુઆતથી જ શહેરમાં ઠેર-ઠેર ખાડાઓ પડી રહ્યા છે. ત્યારે રોડ રસ્તાની નબળી કામગીરીથી લોકો પરેશાન થઈ રહ્યા છે. મહાનગરપાલિકાના અંધેર વહીવટના કારણે શહેરમાં ખાડા પડવા, ભુવા પડવા, રસ્તાઓનું ધોવાણ થવું તે હવે સામાન્ય બાબત બની ગઈ છે.

# અમદાવાદ મંડળ માં મહિલાઓ માટે વિશેષ હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન















। અમદાવાદ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર મેડિકલ વિભાગ દ્વારા મહિલાઓ માટે એક વિશેષ આરોગ્ય તપાસ શિબિરનું આયોજન મંડળ રેલ પ્રબંધક ના કાર્યાલય ખાતે ૮ જુલાઈ ૨૦૨૪ના રોજ કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં વિશેષ રૂપથી ૪૦ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓને સ્તન કેન્સર અને સર્વાઈકલ કેન્સરથી સંબંધિત તપાસ કરવામાં આવી હતી. આ તપાસ ગુજરાત કેન્સર સોસાયટી મેડિકલ કોલેજ હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર (જીસીએસ) અમદાવાદ તરફથી ૪૦ વર્ષ થી વધુ ઉંમરની મહિલાઓ ની નિયમિત તપાસ માટે કરવામાં આવી હતી. આ જીસીએસ હોસ્પિટલની સામુદાયિક સેવા હેઠળ આવે છે, જે અંતર્ગત, મહિલા દીઠ ૩૦૦ ચાર્જ લેવામાં આવે છે, પરંતુ આ વખતે સંપૂર્ણપ ણે મફત રાખવામાં આવ્યા છે જેમાં રેલ્વેની ૩૭ મહિલા કર્મચારીઓને સ્તન કેન્સર અને સર્વાઈકલ કેન્સરની તપાસ કરવામાં આવી હતી. પહેલા એક શોર્ટ પ્રેઝન્ટેશન ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તેમની શંકાઓ અને તેમના વિશેની માહિતી ડોક્ટર દ્વારા આપવામાં આવી હતી.

આ કોમ્યુનિટી આધારિત હેલ્થ ચેકઅપ કેમ્પ જીસીએસ હોસ્પિટલના સહયોગથી કરવામાં આવેલ તપાસ મોબાઈલ વેનની અંદર જ હાથ ધરવામાં આવી હતી જેમાં માત્ર મહિલા કર્મચારીઓ અને મહિલા ડોકટરો હાજર હતા અને તમામ મહિલાઓ માટે મેમોગ્રાફી અને પેપ સ્મીયર ટેસ્ટ અમદાવાદ ડિવિઝનમાં પ્રથમ વખત કરવામાં આવી રહ્યો છે. જે સંપૂર્ણ ફ્રી રાખવામાં આવી હતી.



નવી દિલ્હીમાં સંરક્ષણ સચિવ ગિરધર અરમાને બ્રિટિશ હાઈ કમિશનર શ્રીમતી લિન્ડી કેમરોન સાથે મુલાકાત કરી હતી.

### નૈનીતાલ અને ગોવામાં આજે પણ શાળામાં રજા

# આફતનો વરસાદ... આસામમાં ૭૮ અને નેપાળમાં ૬૨ના મોત

## ગોવા, ઉત્તરાખંડથી લઈને રાજસ્થાન અને લગભગ સમગ્ર ઉત્તર ભારતમાં વરસાદને કારણે લોકોની હાલત દયનીય બની ગઈ છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ઉત્તરાખંડથી નેપાળ સુધી વરસાદ સતત તબાહી મચાવી રહ્યો છે. આસામમાં ભારે વરસાદના કારણે વધુ ૮ લોકોના મોત થયા છે, જે બાદ આસામમાં પૂર અને વરસાદના કારણે મૃત્યુઆંક ૭૮ પર પહોંચી ગયો છે. સ્થિતિ એટલી ખરાબ છે કે આસામમાં વરસાદને કારણે ૨૮ જિલ્લાના લગભગ ૨૩ લાખ લોકો ખરાબ રીતે પ્રભાવિત થયા છે. વરસાદનું પાણી કોઈના ઘરમાં ઘૂસી ગયું છે, જ્યારે ઘણા લોકો પોતાના ઘર છોડીને રાહત શિબિરોમાં રહેવા મજબૂર છે.વરસાદને કારણે ગોવાની હાલત પણ ખરાબ છે. રસ્તાઓની સાથે સાથે અનેક જગ્યાએ લોકોના ઘરોમાં પણ પાણી ભરાઈ ગયા છે. ભારે વરસાદને જોતા ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે સોમવારે સમગ્ર રાજ્યમાં ધોરણ ૧૨ સુધીની શાળાઓ બંધ રાખવાનો આદેશ જારી કર્યો છે. જો કે આ સમયગાળા દરમિયાન સરકારી કર્મચારીઓને ઓફિસમાં આવવા માટે કહેવામાં આવ્યું છે.તે જ સમયે, ઉત્તરાખંડમાં સ્થિતિ યથાવત છે. નૈનીતાલમાં ભારે વરસાદને કારણે વહીવટીતંત્રે સતત છઠ્ઠા દિવસે શાળાઓમાં રજા જાહેર કરી છે. ભારે વરસાદને જોતા વિભાગે બાગેશ્વર જિલ્લાની તમામ સરકારી અને બિનસરકારી શાળાઓ તેમજ આંગણવાડીઓમાં ૮મી જુલાઈએ રજા જાહેર કરી છે. ભારતના પડોશી દેશ નેપાળમાં પણ વરસાદના કારણે અનેક લોકોના મોત થયા છે. ત્યાં અત્યાર સુધીમાં ૬૨ લોકોના મોત થયા છે. આસામમાં પૂરના કારણે વધુ આઠ લોકોના મોત થયા છે.

## ન્યૂઝ બ્રિફ

### જામીનની શરતમાં ગૂગલ મેપ પરથી લોકેશન માંગવુ ખોટું



। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

સુપ્રીમ કોર્ટે એક મોટો નિર્ણય સંભળાવ્યો જેમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, જામીન પર એવી શરતો મૂકી શકાય નહીં કે જેનાથી કોઈ આરોપીને ટ્રેક કરી શકાય અથવા તેના વિશે અંગત માહિતી એકત્ર કરી શકાય. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આવી શરતો સંપૂર્ણપણે ગેરબંધારણીય છે અને ગોપનીયતાના અધિકારનું ઉલ્લંઘન કરે છે. સુપ્રીમ કોર્ટ એક કેસની સુનાવણી કરી રહી હતી જેમાં જામીન પર એવી શરત મૂકવામાં આવી હતી કે, આરોપી ગુગલ મેપ્સ દ્વારા પોલીસ સાથે પોતાનું લોકેશન શેર કરતો રહેશે. સુપ્રીમ કોર્ટે પોતાનો ચુકાદો આપતાં કહ્યું કે, 'જામીનની શરત તરીકે ગૂગલ મેપ પિન શેર કરવો એ ગોપનીયતાનું ઉલ્લંઘન છે. આરોપીના અંગત જીવનમાં ડોકિયું કરવું યોગ્ય નથી.' જસ્ટિસ એ.એસ.ઓકા અને ઉજ્જવલ ભુયાનની બેંચે કહ્યું કે, 'કોઈ પણ કોર્ટ જામીન પર એવી શરતો લાદી શકે નહીં જે જામીનના ઉદ્દેશ્યને નુકસાન પહોંચાડે.' જસ્ટિસ ઓકાએ કહ્યું, 'અમે કહી દીધું છે કે આવી જામીનની શરતો લાદી શકાય નહીં જે જામીનનો અર્થ નષ્ટ કરે. જો કે એવું કહેવામાં આવ્યું હતું કે ગૂગલ પિનથી કોઈ નુકસાન થતું નથી.' સુપ્રીમ કોર્ટની આ ટિપ્પણી એટલા માટે મહત્ત્વપૂર્ણ છે કારણ કે સુપ્રીમ કોર્ટ સહિત અન્ય ઘણી અદાલતોની બેંચે આવા નિર્ણયો આપ્યા છે જેમાં આરોપીને ગૂગલ મેપ પિન શેર કરવા માટે કહેવામાં આવ્યું હતું.

### ગાઝીપુરમાં પતિ-પત્ની અને પુત્રની હત્યાથી સનસનાટી



। (એજન્સી) ગાઝીપુર, તા.૮ ।

ઉત્તરપ્રદેશના ગાઝીપુર જિલ્લાના નંદગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના ખિલવા કુસામ્હી કાલા ગામમાં ગઈકાલે રવિવારે રાત્રે અજાણ્યા શખ્સો દ્વારા પતિ, પત્ની અને પુત્રની તીક્ષ્ણ હથિયારથી ગળું કાપીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાથી વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ હતી. ઘટનાની માહિતી મળતાં જ એસપી ઓમવીર સિંહની આગેવાનીમાં એસઓજીની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ શરુ કરી હતી, પરંતુ હજુ સુધી હત્યાનું કારણ જાણી શકાયું નથી. પોલીસે ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. ખિલવા ગામમાં રહેતા મુનશી બિંદ (૪૫) અને પત્ની દેવંતી (૪૦) ઘરની બહાર ઝૂંપડામાં અલગ-અલગ ખાટલા પર સૂતા હતા. જ્યારે મોટો પુત્ર રામશીશ (૨૦) ઘરમાં સૂતો હતો. નાનો પુત્ર આશિષ ગામમાં આવેલ ઓરકેસ્ટ્રા જોવા ગયો હતો. રાત્રે ૨ વાગે આશિષ ઘરે આવ્યો ત્યારે તેણે જોયું કે તેના માતા-પિતા બહાર લોહીથી લથપથ હાલતમાં મૃત હાલતમાં પડેલા હતા. આ પછી જ્યારે તે અવાજ કરીને ઘરમાં સૂતેલા તેના મોટા ભાઈને જગાડવા ગયો. ત્યારે તેણે તેને પણ મૃત જોયો અને તેના પગ નીચેથી જમીન સરકી ગઈ.

### શિક્ષણ મંત્રી આતિશીએ કહ્યું- મેં વચન આપ્યું હતું...

# દિલ્હીના LGએ શિક્ષકોની બદલીનો આદેશ પાછો ખેંચ્યો




। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

શિક્ષણ મંત્રી આતિશીએ કહ્યું, '૨ જુલાઈએ ભાજપે તેના એલજી સાહેબ દ્વારા દિલ્હીની સરકારી શાળાના ૫૦૦૦ શિક્ષકોની રાતોરાત બદલી કરી દીધી. આ ટ્રાન્સફર મારા આદેશ વિરુદ્ધ કરવામાં આવી હતી. આ ૫૦૦૦ શિક્ષકોની બદલી કરવામાં આવી હતી કારણ કે આ તે શિક્ષકો છે જેમણે અરવિંદ કેજરીવાલ સરકાર સાથે છેલ્લા ૧૦ વર્ષમાં દિલ્હીની સરકારી શાળાઓને નવજીવન આપ્યું છે. દિલ્હીના શિક્ષણ મંત્રી આતિશીએ એક નિવેદન જારી કરીને કહ્યું કે 'કેજરીવાલ સરકારના જોરદાર વિરોધ બાદ આખરે BJP LGએ સરકારી શાળાઓમાં તૈનાત પાંચ હજાર શિક્ષકોની બદલીનો આદેશ પાછો ખેંચવો પડ્યો છે. તેમણે કહ્યું કે મારા આદેશ વિરુદ્ધ ૨ જુલાઈના રોજ ભાજપે પોતાના એલજી મારફત આ શિક્ષકોની બદલી કરી હતી. આતિશીએ કહ્યું, 'મેં તે સમયે દિલ્હીના લોકોને વચન આપ્યું હતું કે કેજરીવાલ સરકાર સરકારી શાળાઓને કોઈ નુકસાન નહીં થવા દે. આજે શિક્ષકો અને બાળકોના વાલીઓની લડતને સફળતા મળી છે. ભાજપને ખબર પડી ગઈ છે કે જો તે દિલ્હીની શિક્ષણ ક્રાંતિને ખતમ કરવાનો પ્રયાસ કરશે તો દિલ્હીની જનતા અને આમ આદમી પાર્ટી તેનો સખત વિરોધ કરશે. આ એ જ શિક્ષકો છે જેમણે કેજરીવાલ સરકાર સાથે મળીને સરકારી શાળાઓની કાયાપલટ કરી અને ખાનગી શાળાઓમાંથી સારા પરિણામ લાવ્યા. શિક્ષણ મંત્રી આતિશીએ કહ્યું, '૨ જુલાઈએ ભાજપે તેના એલજી સાહેબ દ્વારા દિલ્હીની સરકારી શાળાના ૫૦૦૦ શિક્ષકોની રાતોરાત બદલી કરી દીધી. આ ટ્રાન્સફર મારા આદેશ વિરુદ્ધ કરવામાં આવી હતી. આ ૫૦૦૦ શિક્ષકોની બદલી કરવામાં આવી હતી કારણ કે આ તે શિક્ષકો છે જેમણે અરવિંદ કેજરીવાલ સરકાર સાથે છેલ્લા ૧૦ વર્ષમાં દિલ્હીની સરકારી શાળાઓને નવજીવન આપ્યું છે. તેમણે કહ્યું, 'આ તે શિક્ષકો છે જેમણે ૧૦ વર્ષની મહેનતથી દિલ્હીની સરકારી શાળાઓનું પરિણામ ખાનગી શાળાઓ કરતા વધુ સારું બનાવ્યું અને સરકારી શાળાઓમાં ભણતા બાળકોને IIT અને JEEમાં પ્રવેશ અપાવ્યો. ભાજપે તે ૫૦૦૦ શિક્ષકોની રાતોરાત તેના એલજી દ્વારા બદલી કરાવી દીધી, જેઓ છેલ્લા ૧૦ વર્ષથી અરવિંદ કેજરીવાલની સરકાર સાથે સખત મહેનત કરી રહ્યા હતા.આતિશીએ કહ્યું કે જે દિવસે આ આદેશ આવ્યો તે દિવસે મેં દિલ્હીની જનતા, બાળકોના માતા અને પિતા અને તમામ શિક્ષકોને વચન આપ્યું હતું કે અરવિંદ કેજરીવાલની સરકાર દિલ્હીની શાળાઓને કોઈ નુકસાન નહીં થવા દે.

### અમને માત્ર વ્યવસ્થા સંભાળવા કહેવાયું હતું : પોલીસ

# ભાજપ સાંસદે જીતની ખુશીમાં દારૂ પાર્ટી આપતા ટોળું બેકાબુ



। (એજન્સી) બેંગલુરુ, તા.૮ ।

બેંગલુરુના ચિક્કરબલ્લાપુર બેઠક પરના ભાજપ સાંસદે જીતની ખુશીમાં દારુની પાર્ટી આપી હોવાનો વીડિયો વાયરલ થયો છે. આ ઉપરાંત જ્યાં દારુ વહેંચાઈ રહ્યો છે, ત્યાં પોલીસનું વાહન પણ જોવા મળી રહ્યું છે. આ મામલે એવી પણ માહિતી સામે આવી છે કે, સાંસદે જ પોલીસ વિભાગ પાસે દારુ વહેંચવાની મંજૂરી માંગી હોવાનો પત્ર લખ્યો હતો, ત્યારબાદ તેમને મંજૂરી મળી છે. તો બીજીતરફ વિવાદ વધ્યા બાદ પોલીસે પણ નિવેદન આપ્યું છે. મળતા અહેવાલો મુજબ લોકસભા ચૂંટણીમાં જીત થયા બાદ ચિક્કરબલ્લાપુર બેઠક પરના સાંસદ કે.સુધાકરને દારુની પાર્ટી રાખી હતી, તેનો વીડિયો સોશિયલ મીડિયા પણ વાયરલ થયો છે. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, સાંસદની જીતની ખુશીમાં મફત દારૂ અપાઈ રહ્યો છે અને લોકોની લાઈન પણ લાગી છે. આ મામલે ફરિયાદ થયા બાદ પોલીસે પણ નિવેદન આપ્યું છે. પોલીસે કહ્યું છે કે, આમાં અમારો વાંક નથી, આ ઈક્મટેક્સ વિભાગની જવાબદારી છે. બીજીતરફ એક સમાચાર એજન્સી દ્વારા પણ વીડિયો શેર કરાયો છે, જેમાં લખાયું છે કે, 'લોકસભા ચૂંટમીમાં ભાજપ સાંસદ કે.સુધાકરની જીતની ખુશી ઉજવતા લોકો દારુ લેવા માટે લાઈનમાં લાગ્યા છે.' જ્યારે આ મામલો વધ્યો તો પોલીસે કહ્યું કે, 'પોલીસને માત્ર વ્યવસ્થા સંભાળવા માટે કહેવાયું હતું, કોણ દારુ પી રહ્યું છે, તે ઈક્મટેક્સ વિભાગ જોશે.'

### રાહુલ ગાંધી પહોંચે તે પહેલા બની ઘટના

# મણિપુરના જિરીબામ જિલ્લામાં અજાણ્યા શખ્સો દ્વારા ફાયરીંગ




। (એજન્સી) મણિપુર, તા.૮ ।

કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી આસામ અને મણિપુરના પ્રવાસે છે. સૌથી પહેલાં તે આસામના સિલચર પહોંચ્યા. અહીં મણિપુરના પૂર્વ સીએમ ઓકરામ ઈબોબી સિંહે એરપોર્ટ પર તેમનું જોરદાર સ્વાગત કર્યું હતું. અહીંથી તેઓ મણિપુર જવા માટે રવાના થાય તે પહેલાં જિરીબામ જિલ્લામાં જોરદાર ગોળીબારી થઈ છે. મળતી માહિતી અનુસાર લગભગ ૩ કલાક સુધી ફાયરિંગ થયું હતું. જિરીબામના ગુલારથલ વિસ્તારમાં કેટલાક અજાણ્યા હુમલાખોરોએ સોમવારે મોડી રાત્રે ૩.૩૦ વાગે ફાયરિંગ કરવાનું શરૂ કરી દીધું હતું. જવાબી કાર્યવાહીમાં સુરક્ષા જવાનોએ પણ ફાયરિંગ કર્યું હતું. જોકે આ ફાયરિંગમાં હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી. ફાયરિંગ સવારે ૭ વાગ્યા સુધી ચાલુ રહ્યું હતું. આ ઘટના બાદ આસપાસના રહેણાંક વિસ્તારમાં મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો ગોઠવી દેવામાં આવ્યા છે. મણિપુરમાં લગભગ ૧ વર્ષથી નાની મોટી હિંસાઓ બનતી રહે છે. તાજેતરમાં ૬ જૂને હિંસાની ઘટના બની હતી. રાહુલ ગાંધીએ લોકસભામાં પણ મણિપુર હિંસાનો મુદ્દો ઉઠાવ્યો હતો. રાહુલ ગાંધીએ પીએમ મોદી પર નિશાન સાધતાં કહ્યું હતું કે પીએમ મોદી દરેક જગ્યાએ જાય છે પરંતુ મણિપુર ગયા નથી.

### ક્લિનિકલ ટ્રાયલમાં મોટો દાવો

# વર્ષમાં બે વાર ઈન્જેક્શન આપીને HIV પણ મટાડી શકાય છે

। (એજન્સી) દક્ષિણ આફ્રિકા, તા.૮ ।

દક્ષિણ આફ્રિકા અને યુગાન્ડામાં HIV પર મુખ્ય ક્લિનિકલ ટ્રાયલ હાથ ધરવામાં આવી હતી. આ અજમાયશમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે વર્ષમાં બે વાર નવી પ્રી-એક્સપોઝર પ્રોફીલેક્સિસ દવાના ઈન્જેક્શનથી, એક મહિલા HIV સંક્રમણથી સંપૂર્ણપણે સુરક્ષિત થઈ ગઈ. અજમાયશમાં તપાસ કરવામાં આવી હતી કે શું લેનાકાપાવીરના છ મહિનાના ઈન્જેક્શનથી એચઆઈવી ચેપ સામે બે અન્ય દવાઓ, દરરોજ લેવામાં આવતી ગોળીઓ કરતાં વધુ સારી સુરક્ષા મળી છે. આ ત્રણેય દવાઓ પ્રી-એક્સપોઝર પ્રોફીલેક્સિસ (અથવા PrEP) દવાઓ છે.ફિઝિશિયન-વૈજ્ઞાનિક લિન્ડા-ગેલ બેકર, અભ્યાસના દક્ષિણ આફ્રિકન ભાગ માટે મુખ્ય તપાસકર્તા, સમજાવે છે કે શા માટે આ સફળતા એટલી મહત્વપૂર્ણ છે અને આગળ શું અપેક્ષા રાખવી જોઈએ. લેન્કાપાવીર અને અન્ય બે દવાઓની અસરકારકતા ચકાસવા માટે ૫,૦૦૦ સહભાગીઓ સાથે યુગાન્ડાની ત્રણ સાઈટ્સ અને દક્ષિણ આફ્રિકામાં ૨૫ સાઈટ્સ પર ટ્રાયલ કરવામાં આવી હતી. પહેલું એ હતું કે શું લેંકાપાવીરનું છ-માસિક ઈન્જેક્શન સલામત છે અને ૧૬ થી ૨૫ વર્ષની વયની મહિલાઓ માટે પ્રેઈપીના સ્વરૂપ તરીકે ટ્રુવાડા એફ/ટીડીએફ કરતાં વધુ સારી સુરક્ષા પ્રદાન કરશે, જે વ્યાપકપણે સૂચવવામાં આવે છે PrEP ગોળી વપરાય છે. બીજું, ડેસ્કોવી F/TAF, નવી દૈનિક ગોળી F/TDF જેટલી અસરકારક હતી કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી હતી. F/TAF એ નાની ગોળી છે અને તેનો ઉપયોગ ઉચ્ચ આવક ધરાવતા દેશોમાંપુરુષો અને ટ્રાન્સજેન્ડર મહિલાઓ દ્વારા કરવામાં આવે છે. પૂર્વી અને દક્ષિણ આળિકામાં, યુવા સ્ત્રીઓને એચ.આય.વી સંક્રમણનું સૌથી વધુ જોખમ છે. ઘણા કારણોસર, તેઓને દૈનિક PREP સારવાર તદ્દન પડકારરૂપ લાગે છે.ટ્રાયલ દરમિયાન લેંકાપાવીર મેળવનાર ૨૧૩૪ મહિલાઓમાંથી કોઈ પણ એચઆઈવીથી સંક્રમિત થઈ ન હતી. આ દવા ૧૦૦ ટકા અસરકારક સાબિત થઈ છે. સરખામણી કરીએ તો, ટ્રુવાડા (F/TDF) લેનાર ૧,૦૬૮ માંથી ૧૬ સ્ત્રીઓ (અથવા ૧.૫%) અને ડેસ્કોવી (F/TAF) લેનાર ૨,૧૩૬ (૧.૮%) માંથી ૩૯ એચઆઈવી વાયરસથી સંક્રમિત થઈ હતી. આ ટ્રાયલ 'ડબલ બ્લાઈન્ડ' રીતે હાથ ધરવામાં આવી હતી. આનો અર્થ એ છે કે અજમાયશ સમાપ્ત થાય ત્યાં સુધી સહભાગીઓ કે સંશોધકો બંનેને ખબર ન હતી કે તેમને કઈ સારવાર આપવામાં આવી રહી છે.



નવી દિલ્હીમાં કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ સાથે રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી પ્રેમચંદ બૈરવાએ મુલાકાત કરી.

### કેસમાં મમતા સરકારને SCનો આંચકો

# સંદેશખલી કેસમાં સીબીઆઈ આગળની તપાસ ચાલુ રહેશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।


સંદેશખલી કેસમાં પશ્ચિમ બંગાળ સરકારને આજે સોમવારે મોટો ઝટકો લાગ્યો છે. સુપ્રીમ કોર્ટે રાશન કૌભાંડ, જાતીય સતામણી અને જમીન હડપ કરવાના મામલામાં કલકત્તા હાઈકોર્ટના આદેશને પડકારતી અરજીને ફગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે ૪૨ કેસ CBIને ટ્રાન્સફર કરવાના હાઈકોર્ટના નિર્ણયને યથાવત રાખ્યો છે. હકીકતમાં, સંદેશખલી કેસમાં કલકત્તા હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા CBI તપાસના નિર્ણય વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં પહોંચેલી રાજ્ય સરકારની અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. પશ્ચિમ બંગાળ સરકારના વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે, રાશન કૌભાંડમાં ૪૩ FIR દાખલ કરવામાં આવી છે. રાજકીય કારણોસર આને અતિશયોક્તિ કરવામાં આવી રહી છે. આ સાથે જ સુપ્રીમ કોર્ટે મમતા સરકારને પૂછ્યું કે રાજ્ય સરકાર શા માટે કોઈને બચાવવાનો પ્રયાસ કરી રહી છે. પશ્ચિમ બંગાળ સરકારના વકીલ અભિષેક મનુ સિંઘવીએ સુપ્રીમ કોર્ટમાં કહ્યું કે રાશન કૌભાંડમાં ૪૩ FIR દાખલ કરવામાં આવી છે.

## તંત્રી લેખ...

# એક પછી એક મનને ક્ષુબ્ધ કરનારી ઘટનાઓ

આપણા દેશમાં ધર્મના નામે એટલા બધા ધતિંગ ચાલે છે કે સાચો ધર્મ ક્યાં ખોવાઈ ગયો છે એ જ ખબર પડતી નથી. ધર્મ કે ધરમમાં ધ એટલે ધક્કામુક્કી, ર એટલે રઘવાટ અને મ એટલે મારામારી એવું જ ચિત્રિત થઈ રહ્યું છે. ધાર્મિક તહેવારોમાં પણ કેવળ ત્રણ શબ્દો જ પ્રાપ્ત થાય છે- ઘોંઘાટ, ગંદકી અને ભીડ. ખબર નહીં તહેવારોમાં મંદિરોમાં આટલી ભીડ થતી હોય ત્યારે એનું સુચારુ વ્યવસ્થાપન કેમ નહીં થતું હોય? હોટલ મેનેજમેન્ટની જેમ ટેમ્પલ મેનેજમેન્ટ ફરજિયાત ભણાવવું પડશે એવા દિવસો દૂર નથી. કેમ કે ભારતમાં હોસ્પિટલોને બદલે મંદિરોની સંખ્યા કૂદકેને ભૂસકે વધે છે. કોઈને કોઈ બાબા સંપ્રદાયનો ચોકો ખોલીને બેસી જાય છે. સાચા-ખોટા માર્કેટિંગના જોરે બાબાના અનુયાયી વધતા જાય છે. ભારતમાં લોકો ઉન્માદમાં આવી જે-તે બાબાના પરમ ભક્ત બની જતા હોય છે. છાશવારે છાપે ચડતા અનેક સંપ્રદાયો અને બાબાઓના કૌભાંડ બહાર આવે છે, પણ બાપજીના આંધળા ભક્તોની સંખ્યા ઓછી થતી નથી. આશારામ બાપુ વર્ષોથી જેલમાં છે છતાં તેના ચેલાઓ હજી ગેલમાં છે અને બાપુના આશ્રમો ધમધોકાર ચાલતા જ રહે છે. કોઈને કોઈ બાવો જેલમાં જતો-આવતો રહે છે તો પણ તેના ભાવકોની ભીડ ઓછી થતી જ નથી. શ્રદ્ઘા અને અંધશ્રદ્ઘા વચ્ચે બહુ પાતળી ભેદરેખા છે. એવું નથી કે અભણ જ અંધશ્રદ્ઘાળુ છે, ભણેલા પણ એટલા જ અંધશ્રદ્ઘાથી ભરેલા છે. વર્ષો પહેલાં ગણપતિની મૂર્તિ દૂધ પીવે છે. એવી અફવા ફેલાતા કહેવાતા ઉચ્ચ શિક્ષિતો પણ ટબુડી દૂધ લઈ ગજાનનને દૂધ પીવરાવવા દોડી ગયા હતા! ગણપતિ ચોથના દિવસે ઉંદરના કાનમાં મનગમતી ઈચ્છા પૂર્ણ કહેવા બહેનોનો એવો ધસારો હોય છે કે ધાતુના ઉંદર પણ દબાઈને ચપટા થઈ જાય છે. કેટલાક મંદિરોમાં બહેનોના ધસારાને કારણે ઉંદરને જાળી બંધ કરી રાખવા પડે છે. મંદિરોમાં એટલી ભીડ હોય અને એવા ધક્કા મારે કે સીધા મૂર્તિના ચરણોમાં જ જઈને પડીએ! કોઈ ચોક્કસ તિથિના દિવસે મંદિરોમાં માનવ મહેરામણ ઉમટે ત્યારે મંદિરમાં આપણે ચાલવું જ ન પડે, ધક્કા સાથે હડસેલાતા જઈએ. કબીર વર્ષો પહેલાં કહી ગયા કે 'મો કો કહાં ઢૂંઢે રે બંદે મૈં તો તેરે પાસ મેં' છતાં આપણે ઠેર-ઠેર ભટકીએ છીએ. અને આવા કહેવાતા પરમાત્માના એજન્ટ બની બેઠેલા બાબાઓની માયાજાળમાં ફસાતા જઈએ છીએ જો કબીર ક્રાંતિ સફળ થઈ હોત તો બાવા, બાબા, મહંત, મુલ્લા કે પાદરીની પકડ લોકમાનસ પર આજે છે તેટલી વિકરાળ ન હોત. કબીરના ગયા પછી ઘણી સદીઓ ગઈ તો ય આપણે સુધર્યા નથી.

## જગતમાં એવી કોઈ પણ જગ્યા નથી કે જ્યાં ઈશ્વરની હાજરી ન હોય



મહાભારતમાં ભિષ્મ પિતામહ યુધિષ્ઠિરને કહે છે કે, ''ધર્મની ગતિ અતિ ન્યારી છે, એને કોણ જાણી શક્યું છે!'' પ્રમાણિક પ્રયાસ મહત્વનો છે. ગાંધીજીએ જાહેરમાં કહ્યુ છે કે, ''મારા શબ્દો જે સ્વતંત્ર રીતે વિચારી નથી શકતા એમના માટે છે. જે વિચારી શકે તેમણે પોતાના અંતરનાદને અનુસરવું. ''જગતમાં એવી કોઈ જગ્યા નથી કે જ્યાં ઈશ્વરની હાજરી ન હોય અને આપવાનો આનંદ હોય.''ઈશ્વર બધામાં છે, સર્વત્ર છે એની અનુભૂતિ કર્યા પછી કઈપણ ખોટું કરવાનું મન થાય એ શક્ય બનવું અઘરું છે. આપવાનો આનંદ જે એકવાર ચાખી જાય એ પછી આનંદોત્સવનો ત્યાગ કેવીરીતે કરી શકે! એકલા આનંદ કરવા કરતા બીજાને ય આનંદ કરાવવાની ઈશાવાસ્ય વૃત્તિ કેળવવા જેવી ખરી. આવી વૃત્તિ કેળવાઈ હોય એને સ્વતંત્રતાની વ્યાખ્યા શિખવાની જરૂર ન રહે! ભારતની સ્વતંત્રતા બાદ જો કોઈ સૌથી કલ્યાણકારી પ્રસંગ બન્યો હોય તો એ છે ભારતનું બંધારણ. બંધારણ વીતેલી સદીની શકવર્તી ઘટના હતી. એના ફળો આજે ય ચાખવા મળે છે. એક વાત તો દરેકે સ્વીકારવી જ પડે કે એ સમયે ભારતની રાજનીતિમાં જેટલી નીતિ હતી એટલી આજે તો નથી. ધીમેધીમે ગાંધીજીનો પ્રભાવ ઓસરતો ગયો અને સ્વતંત્રતા જોખમાતી ચાલી. સ્વતંત્રતા મળી ગયા પછી ય એને જાળવવા નીતિવાન લોકોની જરૂર પડશે એ વાત ધીમેધીમે ભુલાતી ચાલી. ચરખો તો ખાલી સ્વનિર્ભર થવાનું એક માત્ર સાધન હતુ, પણ સર્વધર્મ સમભાવનો વિચાર સનાતન ધર્મની દેન છે એ માનવું આજના સમયમાં મુશ્કેલ છે. સર્વનો સ્વિકાર જ હોય, કારણ કે ઈશ્વરનો આવાસ સર્વમાં છે એવું જ ઈશોપનિષદનો મંત્ર કહે છે. ભારતનું બંધારણ ઉપનિષદોના મંત્રોની કક્ષા પામ્યું. એમાય મૂળભૂત હકોનું અભયદાન માનવતાનું સર્વાંગ સુંદર દર્શન છે. આ અધિકારોને અદાલતનું રક્ષણ મળ્યું જેથી કોમનમેનના કલ્યાણની કલ્પનાનું રાજ્ય રોપી શકાય. ધીમેધીમે એ સ્વતંત્રતા ઓશીયાળી થતી ગઈ. હવે સમુદાયના શીરે પોતાની સ્વતંત્રતા સાચવવાની જવાબદારી વધુ છે. ઈમરજન્સી એ સ્વતંત્ર ભારતના ઈતિહાસનો ગ્રે શેડ ગણાય કારણ કે એ સમયે સ્વતંત્રતાએ ઘુટણીયા ટેકવા પડયા. ફરી એ ઈતિહાસ પુનરાવર્તન ન પામે એ જોવાની જવાબદારી ય જનતાની જ ગણાય. મનુભાઈ પંચોળીએ એ સમયમાં 'સૉક્રેટિસ' નામની નવલકથા લખી હતી. લોકશાહીના ભયસ્થાનો સમજવા હોય તો સૉક્રેટિસનો અભ્યાસ કરવો પડે. ચાણક્યના અર્થશાસ્ત્રમાં એક અદ્‌ભૂત શ્લોક છે. ધર્મનું મૂળ અર્થમાં છે. એટલે કે પૈસા હોય તો પુન્ય કરવામાં સરળતા રહે. અર્થનું મૂળ વાણીજ્યમાં છે. બીઝનેસ કરે તો પૈસો આવે. વાણીજ્યનું મૂળ સ્વાતંર્ત્યમાં છે. સ્વતંત્રતા હોય તો જ સારી રીતે વેપાર ધંધો કરી શકાય. સ્વતંત્રતા એને જ અપાય જે ચારિર્ત્યવાન હોય. પાણી પહેલા પાળ બાંધવાની તાતી જરૂરીયાત છે. આપણે કેવું ભારત જોઈએ છીએ! ક્રિયાની સામે પ્રતિક્રિયાનું ઝેર શમાવવું પડશે. અસહિષ્ણુતામાં ઘટાડો કરવો પડશે. સર્વને સન્માન આપીએ. ઈશ્વર તો એક જ છે. સ્વતંત્રતાની વ્યાખ્યા ખુબ જ સાદી છેઃ પોતાની મરજી મુજબ વર્તવાની છૂટ, પણ શરત એટલી કે એમાં બીજાની સ્વતંત્રતા જોખમાવી ન જોઈએ.

**અત્યારના સંદર્ભમાં લગભગ દરેકમા કોઈ ને કોઈ ટેલેન્ટ છે, પણ આપણે તેને વિદ્યા કહી શકીએ નહીં!**

# આપણાં મનની શાંતિ માટે આપણે માત્ર અંતરમાં વસુધૈવ કુટુંબની ભાવના દૃઢ કરવાની જરૂર છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**વિદ્યા એટલે શું? એવો કોઈ પ્રશ્ન થાય તો વિદ્યા એટલે કે નિશ્ચિત જ્ઞાન! કે જે મને મારી મંઝિલ સુધી લઈ જાય! એટલે કે બુદ્ધિનો એક ઠહેરાવ, એવું કહી શકાય. મનની ચંચળતા ઓછી થતી જાય, અને વ્યક્તિની સમજ પરિપક્વ બને, અને એ પડાવ પર એનો મુકામ સ્થિર બને, આમ તો કેટલીય વિદ્યા ઓની શાખાઓ આજકાલ સમાજમાં જોવા મળે છે.**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આપણે આ અષાઢી નવરાત્રી પર્વમાં મા જગત જનની જગદંબાના ગુપ્ત ભાવને પારખી એક શક્તિ કવચ બનાવી ક્ષણિક સુખને શાંતિ સુધી લઈ જવા, યા દેવી સર્વ ભૂતેષુ શક્તિથી શાંતિ સુધીની સફર તય કરવાની છે. સ્થૂળ શરીરને ચલાવવાં માટે શક્તિ અને બુદ્ધિ બંને પરિબળ અતિ મહત્વનાં છે, અને એને વિશે ગઈકાલે આપણે ચિંતનમાં વાત કરી. પણ આપણે અત્યારે એકવીસમી સદીમાં પહોંચી ગયાં છીએ, અને વિજ્ઞાનનો વિકાસ હરણફાળ ભરી આકાશ ને આંબવા સુધી પહોંચ્યો છે, ત્યારે માત્ર બળ બુદ્ધિ બેથી ન ચાલે! બુદ્ધિને આગળનાં પડાવ વિદ્યા સુધી લઈ જવી પડે. અત્યારના સંદર્ભમાં લગભગ દરેકમા કોઈ ને કોઈ ટેલેન્ટ છે, પણ આપણે તેને વિદ્યા કહી શકીએ નહીં! કારણકે દરેકનું ટેલેન્ટ શુભ કર્તા નથી હોતું, એ લાભ માટે પણ હોય છે. જ્યારે વિદ્યામાં હંમેશા શુભ સમાયેલું હોય છે, અને એટલે વિદ્યા અને અવિદ્યા એમ એને વિભાજિત કરવામાં આવે છે. અવિદ્યા શુભ કર્તા નથી હોતી, અજ્ઞાન અને પતન તરફ દોરનારી હોય છે. આપણે મહાકવિ કાલિદાસ ના જન્મ દિવસનો સંદર્ભ લઈ કહ્યું હતું કે એ મૂર્ખ માંથી મહાન બન્યા, તો સામાન્ય માનવી ને મહાન બનાવનારું પરિબળ કયું છે? એનાં જવાબમાં આપણે વિદ્યા કહી શકીએ ! પણ તત્વતઃ વિદ્યા એ બુદ્ધિથી આગલી કક્ષામાં લઈ જતી ભાવ શક્તિ છે. વિદ્યાઃ બુદ્ધિની જેમ જ વાણી એ એક એવું પરિબળ છે, જે મનુષ્યને અન્ય જીવ સૃષ્ટિમાંથી જુદું પાડે છે, અને વાણી ને કારણે આપણું જીવન આસાન બને છે, અને વ્યવહાર પણ સરળ બને છે, આ ઉપરાંત આપણે વિદ્યાવાન અથવા વિદ્વાન બની શકીએ છીએ. વિદ્યા એ એવું પરિબળ છે જેને કારણે જેમ આકાશમાં સૂર્યની હાજરી કોઈને બતાવવી પડતી નથી, એમ વિદ્યા સ્વયં પ્રકાશિત હોય છે, અને એને કારણે વ્યક્તિથી વ્યક્તિત્વ સુધીની સફર આસાન બને છે. પણ વિદ્યા સુધી પહોંચવા માટે વાણીની સાથે સાથે વિનય અને વિવેકની બહુ જરૂર પડે છે, અને એટલે વિદ્યા વિનયથી શોભે, એવું એક સૂત્ર પણ છે, વાણી વર્તન અને વિચારમાં સાતત્ય આવે ત્યારે વ્યક્તિ વિદ્યાવાન બને. સામાન્ય રીતે વિદ્યાની દેવી તરીકે આપણે ત્યાં મા સરસ્વતીને માનવામાં આવે છે. વિદ્યા એટલે શું? એવો કોઈ પ્રશ્ન થાય તો વિદ્યા એટલે કે નિશ્ચિત જ્ઞાન ! કે જે મને મારી મંઝિલ સુધી લઈ જાય! એટલે કે બુદ્ધિનો એક ઠહેરાવ, એવું કહી શકાય. મનની ચંચળતા ઓછી થતી જાય, અને વ્યક્તિની સમજ પરિપક્વ બને, અને એ પડાવ પર એનો મુકામ સ્થિર બને. આમ તો કેટલીય વિદ્યા ઓની શાખાઓ આજકાલ સમાજમાં જોવા મળે છે, જે મોટેભાગે ટેલેન્ટ બની રહે છે, પરંતુ આપણે શાંતિ સુધી પહોંચવું છે, માટે આધ્યાત્મક અભિગમથી જોઈએ તો બુદ્ધિમાં વિવેક આવે ત્યારે જ ઠહેરાવ આવે અને પછી જ એકાગ્રતા એટલે કે પોતાનાં લક્ષ્ય સુધી પહોંચવાની ઝંખના તીવ્ર બને છે. એકાગ્રતા જળવાઈ રહે, એ માટે કોઈ મંત્રનું નિરંતર સ્મરણ રહેવું જોઈએ. હાલાકી શાસ્ત્રના મંત્રો અહીં સકારાત્મક બળ પૂરું પાડે છે, પરંતુ આપણી એવાં મંત્રમાં રૂચી ન હોય તો આપણે કોઈ વિચારને પણ દઢ પણે અનુસરી શકીએ, અને કેટલાય મહાનુભાવો આ રીતે મંજિલ સુધી પહોંચી શક્યાં છે. દાખલા તરીકે આઝાદ ભારતની પરિકલ્પના માટે દરેક ભારતીયોનો આઝાદી એ મહામંત્ર બન્યો હતો, અને એટલે જ આઝાદી પ્રાપ્ત થઈ. શક્તિથી બુદ્ધિ, બુદ્ધિથી વિવેક બુદ્ધિ, જે વિદ્યા ના આયામ સુધી પહોંચવા બહુ જ જરૂરી છે, અને બુદ્ધિમાં વિવેક આવે પછી જ એકાગ્રતા સાધી શકાય છે! એકાગ્ર બુદ્ધિ એ વિદ્યા માટેની પ્રથમ પ્રાથમિકતા છે. વિદ્યાવાન કે વિદ્વાનની બુદ્ધિ મેધા ના આયામ સુધી પહોંચી જાય છે, જ્યાં સંસાર ને લગતાં તમામ મોહ, માયા, મમતા, સમાપ્ત થાય છે, અને જીવ જે શાશ્વત સત્ય છે, એને અનુસરવા કટિબદ્ધ થાય છે. એટલે કે અત્યાર સુધી જે વ્યક્તિ હતી, એ હવે આ સૃષ્ટિનાં અસંખ્ય જીવ માનો એક જીવ બની ગઈ! એટલે કે અહમ પર વિજય પ્રાપ્ત થયો, અને પોતાપણાનું જ્ઞાન, એ જ ખરી વિદ્યા છે, એ પ્રાપ્ત થાય છે, જે પછી કહેવાતી અન્ય વિદ્યાઓ પર પ્રભુત્વ પ્રાપ્ત કરવામાં સફળ બનાવે છે. આગળની ભાવ શક્તિ માટે ઘણાં દયા કે સેવા નામ આપે છે, પણ જે સામેવાળાને બેબસી કે લાચારીનાં ભાવમાં રાખે છે, અને એટલે મૈત્રી એ સુંદર પ્રકલ્પ છે, જ્યાં સામેવાળા થોડો હક્ક પણ જમાવે છે. મૈત્રીઃ કોઈ મંત્ર કે વિચારને દઢ પણે અનુસરીને વ્યક્તિમાંથી એ જીવ સુધી પહોંચી જાય છે. વિદ્યા એ અહમને સમાપ્ત કરનારું પરિબળ છે, પરંતુ આજકાલ સમાજમાં વિદ્વાનને સૌથી વધુ અહમ જોવા મળે છે, જે તેની વિદ્યાને અવિદ્યા સુધી લઈ જાય છે. પોતે પણ આ જીવસૃષ્ટિમાં એક પામર જીવ માત્ર છે, અને જેની સમગ્ર ક્રિયાઓનું સંચાલન એક પરમશક્તિ દ્વારા થઈ રહ્યું છે, એવું સીધું સાદુ જ્ઞાન પ્રાપ્ત થતાં, એનામાં અહીં વસનારા અન્ય જીવો પ્રત્યે મૈત્રીની ભાવ શક્તિ કેળવાય છે, જે શક્તિનું એવું કવચ છે, જે સર્વના હિત માટે હંમેશા પ્રયત્નશીલ રહે છે. બે ચાર વ્યક્તિઓ સાથે મિત્રતાનો ભાવ રાખવો એ વાતને અહીં રાખી નથી, પણ સમજવા માટે જેમ આપણે આપણાં મિત્ર માટે બધું જતું કરીએ છીએ, એની હર મુશ્કેલીમાં સાથે ઉભા રહીએ છીએ, એની ખુશી માટે સતત પ્રયત્ન કરીએ છીએ, અને એની પર ક્યારેય કોઈ સંકટ ન આવે એવી પ્રાર્થના કરીએ છીએ, એમ આપણી આસપાસના પરિસરમાં રહેતા સૌકોઈ માટે વિચારવાની વાત છે. બિલકુલ ચિત્રભાનુ મહારાજની રચના, મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે... વાળી મૈત્રી ભાવ શકતિની વાત છે! અને એ આજના સમયમાં બહુ જરૂરી છે. જ્યાં જુઓ ત્યાં પોતાના ખોટા અહમને કારણે લડાઈ ઝઘડા અને સતત સંઘર્ષનું વાતાવરણ છે. સમાજ પણ સતત કોઈને કોઈ ગુનાખોરીને કારણે અશાંત છે, અને સમગ્ર વિશ્વમાં દરેક દેશ પોતાનું સ્થાન તથા સત્તાને મહાસત્તા બનાવવા યુદ્ધના નગારા વાગાડે છે, ત્યારે જો દરેકમાં આ મૈત્રીની ભાવ શક્તિ ખીલે તો જ વિશ્વ શાંતિ તરફ આગેકૂચ કરે. પણ કદાચ આપણું વિઝન વિશ્વ શાંતિ ન બની શકે! પણ જ્યાં રહીએ છીએ, એ પરિવારથી કુટુંબ, અને કુટુંબથી શેરી મહોલ્લો, એટલાં વિસ્તાર માટે તો આ ભાવ કેળવી સૌના શુભ અને હિતનું વિચારીને જીવી શકાય તો પણ ઘણું પરિણામ મળે.આમ પરિવારનું વર્તુળ વધારતા વધારતા વસુધૈવ કુટુંબની ભાવના દ્રઢ બની શકે. આપણાં મનની શાંતિ માટે આપણે બીજું કંઈ જ કરવાનું નથી, માત્ર અંતરમાં વસુધૈવ કુટુંબની ભાવના દ્રઢ કરવાની છે. એટલે કે માત્ર મારા લાભ હાનિનું નહીં સૌનાં હિત માટે મારો સ્વાર્થ ત્યજવો, અને સૌની શાંતિનો સંકલ્પ કરવો, એ એક જ માર્ગ છે! આપણે સૌ અષાઢ નવરાત્રીમાં આ રીતે મનોભાવથી શુદ્ધ થઈ વિશ્વ શાંતિનો સંકલ્પ કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**મહાપ્રભુએ આ ચરિત્રની સમાપ્તિ કરતાં કહ્યું કે, જ્ઞાનમાર્ગમાં જ્ઞાનીઓ ને વિઘ્ન કરનાર અભિમાન છે**

# કામ, ક્રોધ અને લોભ અંદરના વિકાર છે, જેને ગીતાજીમાં નરકનાં દ્વારો કહ્યાં છે અને એ ત્રણ ત્યજવાનું કહ્યું છે..



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**કર્મમાર્ગમાં વિઘ્ન કરનારો કામ છે, કશ્યપદિતિ એનો દાખલો છે, કામ થી કર્મનો નાશ થાય છે, ભક્તિ માર્ગમાં વિઘ્ન કરનાર લોભ છે, લોભથી ભક્તિનો નાશ થાય છે, કામ, ક્રોધ, લોભ આ ત્રણથી પુણ્યનો નાશ થાય છે, વિવેકથી કામનો નાશ થાય છે, પણ ક્રોધનો નાશ મુશ્કેલ છે, એકનાથજી મહારાજે ભાવાર્થ રામાયણમાં લખ્યું છે કે કામીને, લોભીને તત્કાળ થોડો લાભ થાય છે.**

જય-વિજય એટલે કીર્તિ અને પ્રતિષ્ઠાનો મોહ. સાતમે દરવાજે પહોંચેલાને પણ એ અટકાવે છે. મનુષ્યને કીર્તિનો અને પ્રતિષ્ઠાનો મોહ છૂટતો નથી. ચેલાઓ વખાણ કરે એટલે ગુરુને લાગે છે કે, હું બ્રહ્મરૂપ થઈ ગયો છું! પછી સેવા- સ્મરણમાં ઉપેક્ષા જાગે છે અને પતન થાય છે.મનુષ્યનું મન નામ રૂપમાં ફસાયેલું છે. નામ અને રૂપમાં મોહ ન છૂટે ત્યાંસુધી ભક્તિ થતી નથી. મન શ્રીકૃષ્ણના રૂપમાં ફસાય તો જ મુક્તિ મળે. પ્રતિષ્ઠાનો મોહ આવ્યો કે ભગવાનને દરવાજેથી પાછા ફરવું પડે છે. ક્રોધ કરવાથી સનતકુમારોને ભગવાનના સાતમા દરવાજેથી પાછા ફરવું પડ્યું, પરંતુ સનત કુમારોનો ક્રોધ સાત્વિક છે. આ દ્વારપાળો ભગવત દર્શનમાં વિઘ્ન કરે છે તેથી ક્રોધ આવ્યો છે. એટલે ભગવાને અનુગ્રહ કરી બહાર આવીને દર્શન દીધાં, પરંતુ ભગવાનના મહેલમાં તો તેઓ દાખલ થઈ શક્યા નહીં જ.કારણ ક્રોધ. મહાપ્રભુએ આ ચરિત્રની સમાપ્તિ કરતાં કહ્યું કે, જ્ઞાનમાર્ગમાં જ્ઞાનીઓને વિઘ્ન કરનાર અભિમાન છે. અભિમાનના મૂળમાં આ ક્રોધ છે. કેટલાક અજ્ઞાનમાં મરે છે. કેટલાક જ્ઞાની થઈ અભિમાનમાં મરે છે. બ્રાહ્મણ ન ભણે તો અજ્ઞાની રહેછે અને બહુ ભણેતો કેટલીકવાર અભિમાનમાં મરે છે. કર્મમાર્ગમાં વિઘ્ન કરનારો કામ છે. કશ્યપદિતિ એનો દાખલો છે. કામથી કર્મનો નાશ થાય છે. ભક્તિ માર્ગમાં વિઘ્ન કરનાર લોભ છે. લોભથી ભક્તિનો નાશ થાય છે. કામ, ક્રોધ,લોભ આ ત્રણથી પુણ્ય નો નાશ થાય છે. વિવેકથી કામનો નાશ થાય છે, પણ ક્રોધનો નાશ મુશ્કેલ છે. એકનાથજી મહારાજે ભાવાર્થ રામાયણમાં લખ્યું છેકે કામીને,લોભીને તત્કાળ થોડો લાભ થાય છે,પણ ક્રોધ કરનારને કાંઈ લાભ થતો નથી. ઊલટું તેના પુણ્યનો ક્ષય થાય છે. વલ્લભાચાર્યજીએ આ વિશે કહ્યું છે કે, કામ કર્મનો નાશ કરે છે.તેથી કામ, ક્રોધ,લોભને ગીતાજીમાં નરકનાં દ્વારો કહ્યાં છે અને એ ત્રણ ત્યજવાનું કહ્યું છે. ભક્તિમાર્ગમાં લોભ કેવી રીતે વિઘ્ન કરે છે? માણસ ભગવાનને માટે અગર દાન માટે હલકામાં હલકી ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે. બાબાનો શુટ બનાવવો હોય તો સાત રૂપિયે વારનું કાપડ અને ઠાકોરજીના વાઘા સિવડાવવાહોય તો ચાર આને ગજનું કાપડ! ઠાકોર જીના માટે ફૂલ લેવા ગયા અને ગુલાબના ફૂલ ના ચાર આના પડે, તો કહેશે કે કરણનાં ફૂલ આપ. મારા ઠાકોરજી તો ભાવના ભૂખ્યા છે પણઘરવાળી માટે ગમે તેટલા રૂપિયા ખર્ચીને સારી વેણી લઈ આવે. સત્યનારાયણની કથામાં બેસવાનું હોય, તો ભાઈ રૂપિયા બસોનું પીતાંબર પહેરીને બેસે અને જ્યારે ઠાકોરજીને વસ્ત્રપરિધાન કરાવવા નો પ્રસંગ આવે ત્યારે કહેશે,પેલું નાડું લાવેલા તે ક્યાં ગયું! ભગવાન કહે છે, હમ સબ સમજતે હૈ. મેં પણ તારા માટે લંગોટી પહેરવાના કંદોરાનું નાડું તૈયાર રાખ્યું છે. આવું ન કરો. ભગવાનને સારામાં સારી વસ્તુ અર્પણ કરો.બસો બાવન વૈષ્ણવોની વાર્તાઓમાં જમનાદાસ ભક્તનું એક દૃષ્ટાંત આવે છે. જમનાદાસ ભક્ત એક વખત ઠાકોરજીને માટે બજારમાં ફૂલ લેવા નીકળ્યા.ફૂલવાળાની દુકાને એક સારું કમળ જોયું. જમનાદાસજીએ વિચાર્યું કે, આજ તો મારા ઠાકોરજી ને માટે હું આ સુંદર કમળ લઈ જઈશ. તે જ વખતે તે દુકાને એક યવનરાજા ફૂલ લેવા આવી પહોંચે છે. યવનરાજાને પોતાની રખાત વેશ્યા માટે ફૂલ જોઈતું હતું. જમનાદાસ ભક્ત માળીને કમળના ફૂલની કિંમત પૂછે છે. માળી પાંચ રૂપિયા કિંમત જણાવે છે,તેજ વખતે યવનરાજા વચમાં કૂદી પડે છે કે, એ ફૂલના હું દસ રૂપિયા આપવા તૈયાર છું. બંને વચ્ચે ફૂલ લેવા હરીફાઈ ચાલે છે. યવનરાજા તે ફૂલની કિંમત દસ હજાર રૂપિયા બોલે છે. જમનાદાસ ભક્ત કહે, મારા એક લાખ! યવનરાજાને વેશ્યા તરફ સાચો પ્રેમ ન હતો, મોહ હતો. તે વિચારે છે કે, એક લાખ હશે તો બીજી સ્ત્રી મળશે ત્યારે જમના દાસજી ભક્તને મન તેના ઠાકોરજી સર્વસ્વ હતા. તેનો સાચો શુદ્ધ પ્રેમ હતો. જમનાદાસ પોતાની સર્વ મિલકત વેચીને એક લાખ રૂપિયા કિંમત આપી ફૂલ ખરીદી લાવે છે અને શ્રીનાથજીની સેવામાં અર્પણ કરે છે. શ્રીનાથજીના માથા ઉપરથી મુગટ આજે નીચે પડી જાય છે. ભગવાન તેદ્વારા બતાવે છે જમનાદાસ ભક્તના કમળનું વજન મારાથી સહન થતું નથી. સનતકુમારોને ક્રોધ આવ્યો એટલે પતન થયું. પ્રભુના દ્વારે ગયેલા પાછા આવ્યા. કામ, ક્રોધ અંદરના વિકાર છે. તક મળતાં એ બહાર આવે છે. તેથી મન ઉપર સત્સંગનો ભક્તિનો અંકુશ રાખો. ઈશ્વરનું સતત ચિંતન કરે તેના અંદરના વિકારો શાંત થાય છે. સનતકુમારોનો ક્રોધ હજી શમ્યો નથી. તેમણે ક્રોધમાં જય-વિજયને શ્રાપ આપ્યોકે,રાક્ષસોમાં વિષમતા હોય છે.તમે એવી વિષમતા દેખાડી માટે તમે રાક્ષસો થાઓ! મંદિરમાં થોડું પાપ કરે એ મહાપાપ છે. સનતકુમારોએ વૈકુંઠમાં ક્રોધ કર્યો. તેથી ભગવાને વિચાર્યું કે, મારા દ્વારે પાપ કર્યું એટલે મારા ઘરમાં આવવા હવેએ લાયક નથી આ લોકોએ ક્રોધ ઉપર હજુ વિજય મેળવ્યો નથી. સનકાદિકને અંદર પ્રવેશ મળ્યો નહીં. અંદર ગયા હોત પછી બહાર આવવાપણું ન હતું. કારણ ભગવાનનું પરમધામ તો એવું છે,જ્યાં ગયા પછી આવવાપણું હોતું નથી.એટલે નારાયણ લક્ષ્મીજી બહાર આવેછે ઠાકોરજી સનતકુમારોની સામે જોતા નથી. આજે નજર ધરતી ઉપર છે. જીવને કરેલાં પાપ માટે હૃદયથી પસ્તાવો ન થાય ત્યાં સુધી ઠાકોરજી દર્શન આપતાં નથી. સ્વ દોષ દર્શનએ ઈશ્વર દર્શનનું ફળ છે સનતકુમારો વંદન કરે છે. પણ ઠાકોરજી સામું જોતા નથી. સનકાદિક ઋષિઓ ભગવાન પાસે ક્ષમા માગે છે. બ્રાહ્મણો ભગવાનને વહાલા છે. ભગવાન સનતકુમારોને કહે છે કે, તમે મારી ભક્તિ અને જ્ઞાનનો પ્રચાર કર્યો છે. મને મારા ભક્તો અતિપ્રિય છે.અનન્યભક્તિ ન હોય તો મને લક્ષ્મીજી પણ પ્રિય નથી.નિષ્કામ ભક્તિ મને અતિશય પ્રિય છે. લક્ષ્મીજીમાં પણ નિષ્કામ ભક્તિ ન હોય તો લક્ષ્મીજી પણ પ્રિય લાગતી નથી.ચંચળ લક્ષ્મીજી ઠાકોરજીના ચરણમાં સ્થિર થાય છે. તુલસીજી રાધાજી નું સ્વરૂપ છે. જીવાત્મા પરમાત્માનું લગ્નએ તુલસી વિવાહનું તાત્પર્ય છે, સનકાદિક વિચારે છે કે, અમારાં વખાણ કરે છે, પણ ધામમાં તો બોલાવતા નથી કે લઈ જતા નથી, માટે અમારે હજુ તપશ્ચર્યા કરવાની જરૂર છે. હજુ ક્રોધ અમારામાંથી ગયો નથી, એટલે સનકાદિક બ્રહ્મલોકમાં પધારે છે. પછી જયવિજયને સાંત્વના આપી નારાયણ ભગવાને કહ્યું,તમારા ત્રણ અવતારો થશે પણ તમારો ઉદ્ધાર કરવા હું ચાર અવતારો ધારણ કરીશ! સનકાદિકના શાપથી જય અને વિજય અનુક્રમે હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ તરીકે અવતર્યા છે. એજ દિતિના બે પુત્રો. મહાપ્રભુજી એ આ ચરિત્રની સમાપ્તિ કરતાં કશ્યપ ઉપર ત્રણ દોષો નાખેલા છેઃ કર્મત્યાગ,મૌનત્યાગ અને સ્થાન ત્યાગ હિરણ્યાક્ષ અને હિરણ્યક શિપુના રોજ ચાર-ચાર હાથ વધતા. જો આમ ખરેખર બને તો માતાપિતાની શું સ્થિતિ થાય તે કલ્પી શકો છો! બીજી મુશ્કેલી એક બાજુ મૂકીએ, તો પણ એક દિવસનાં કપડાં બીજે દિવસે ટૂંકા પડે. પણ ભાગવતની આ સમાધિ ભાષા છે. ભાગવતમાં સમાધિ ભાષા મુખ્ય છે. લૌકિકભાષા ગૌણ છે. આમ કહીને લોભનું સ્વરૂપ બતાવ્યું છે.ચારચાર હાથ રોજ વધતા એટલે કે લોભ રોજને રોજ વધતો જાયછે. લાભથી લોભ વધે છે. લોભનો અંતપ્રભુકૃપા વગર થતો જ નથી. શરીર જીર્ણ થવાથી કામ મરે છે, પણ લોભનો નાશ થતો નથી. લાભથી લોભ વધે એટલે પાપ વધે. પાપ વધે એટલે ધરતી રસાતળમાં જાય છે. ધરતી એટલે માનવ સમાજ દુઃખ રૂપી રસાતળમાં ડૂબે છે. હિરણ્યાક્ષે ખૂબ ભેગું કર્યું છે. હિરણ્યકશિપુએ ખૂબ ભોગવ્યું છે. લોભ વધે એટલે ભોગ વધે, ભોગ વધે એટલે પાપ વધે. જ્યારથી લોકો માનવા લાગ્યા કે, પૈસાથી જ સુખ મળે છે, ત્યારથી જગતમાંપાપ બહુ વધી ગયું છે. હિરણ્યાક્ષને મારવા વરાહાવતાર થયો. હિરણ્ય કશિપુને મારવા નૃસિંહ અવતાર થયો. હિરણ્યાક્ષ ભોગના લોભનો અને હિરણ્યકશિપુએ લોભના ભોગનો અવતાર છે. કામ ને મારવા એકજ અવતાર લીધો છે રાવણ- કુંભકર્ણને મારવા રામચંદ્રજીનો અવતાર. ક્રોધને મારવા પણ એક જ અવતાર-શિશુપાળને મારવા શ્રીકૃષ્ણાવતાર. પરંતુ લોભને મારવા માટે બે અવતાર લેવા પડ્યા છે. વરાહાવતાર અને નૃસિંહાવતાર. તે બતાવે છે કે લોભને જીતવો બહુ જ મુશ્કેલ છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત. અસ્તુ.

### અનંત-રાધિકાના સંગીત સમારોહ બાદ

# અંબાણી પરિવારે જસ્ટિન બીબર સાથે કરી મુલાકાત

## જસ્ટિન બીબરે રાધિકા મર્ચન્ટ અને અનંત અંબાણીના સંગીતની સુંદર તસવીરો સામાજિક મીડિયા પર શેર કરી



જસ્ટિન બીબરે રાધિકા મર્ચન્ટ અને અનંત અંબાણીના સંગીતની સુંદર તસવીરો શેર કરી છે. તસ્વીરોમાં, જસ્ટિન અનંત અને પરિવાર સાથે હોટલમાં મુલાકાત કરતો જોવા મળે છે, જસ્ટીને અનંત અંબાણી અને રાધિકાના સંગીતમાં પરફોર્મ કરવા માટે ૮૪ કરોડ રૂપિયા લીધા હતા. પોપ સ્ટાર જસ્ટિન બીબરે તાજેતરમાં અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના સંગીત સમારોહમાં પરફોર્મ કરીને ધૂમ મચાવી હતી. પ્રદર્શન પછી તરત જ, જસ્ટિન બીબરે મિયામીની ફ્લાઈટ લીધી. હવે તેણે રાધિકા અને અનંતના સંગીતમાંથી ન જોયેલી તસવીરો શેર કરી છે, જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. આ તસવીરોમાં જસ્ટિન બીબર ટૂંક સમયમાં લગ્ન કરવા જનાર કપલ રાધિકા મર્ચન્ટ અને અનંત અંબાણી સાથે પોઝ આપતા જોવા મળે છે. તસવીરોમાં શ્લોકા મહેતા અને આનંદ પીરામલ પણ છે. કેટલીક તસવીરોમાં અનંત અંબાણી બેસીને વાત કરતા જોવા મળે છે જ્યારે જસ્ટિન તેમની સામે જોઈ રહ્યો છે. બંને અનંત અંબાણીની હોટલના રૂમમાં છે. રાધિકા અને અનંતની સંગીત સેરેમની શુક્રવાર, ૫ જુલાઈએ Jio કન્વેન્શન સેન્ટરમાં થઈ હતી. જેમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રી, સ્પોર્ટ્સ અને બિઝનેસ જગતની અનેક મોટી હસ્તીઓએ ભાગ લીધો હતો. સલમાન ખાન, માધુરી દીક્ષિત, કિયારા અડવાણી, સિદ્ધાર્થ મલ્હોત્રા, જાહ્નવી કપૂર, રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને સારા અલી ખાન સહિત ઘણા સ્ટાર્સ જોવા મળ્યા હતા. સલમાન અને રણવીર સિંહે બેક ટુ બેક ગીતો પર પણ પરફોર્મ કર્યું હતું.



સલમાને રાધિકા અને અનંતના સંગીતમાં વિકી કૌશલ સાથે સ્ટેજ પર ડાન્સ પણ કર્યો હતો. જસ્ટિન બીબરે તેના ઘણા હિટ ગીતો પર જબરદસ્ત પરફોર્મન્સ આપ્યું હતું. તેણે 'બેબી', 'લવ યોરસેલ્ફ', 'સોરી' અને 'બેબી પીચીસ' જેવા ગીતો પર પરફોર્મ કર્યું હતું. સંગીત સેરેમની દરમિયાન જસ્ટિન બીબરે રાજા અનંત અંબાણીને પોતાની તરફ ખેંચ્યા અને પછી ગળે લગાવ્યા. આનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

# કોકિલાબેન અંબાણી (દાદી મા)એ ગરબા નાઈટનું આયોજન કર્યું



## ગરબા નાઈટમાં પણ કોકિલાબેને જાંબલી રંગના ચણિયાચોળી સાથે બાંધણીનો દુપટ્ટો પહેર્યો હતો

અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્ન પૂર્વે દાદી મા કોકિલાબેન અંબાણી દ્વારા ભવ્ય ગરબા નાઈટનું આયોજન કરવામાં આવ્યું હતું. પોતાના લગ્નની વિધિઓ માટે રાધિકા ગરવી ગુજરાતણ સ્વરૂપમાં આવી ગઈ છે. ગરબા નાઈટમાં પણ તેણે જાંબલી રંગના ચણિયાચોળી સાથે બાંધણીનો દુપટ્ટો પહેર્યો હતો. ખાસ તો તેના ચણિયામાં શ્રીનાથજીની એમ્બ્રોડરીએ બધાંનું ધ્યાન ખેંચ્યું હતું. અનંતે પેસ્ટલ પિંક કૂર્તો અને જેકેટ પસંદ કર્યા હતા. આ પ્રસંગે નીતા અંબાણીએ પેસ્ટલ શેડના ચણિયાચોળી અને મોટી વહુ શ્લોકા મહેતાએ મલ્ટી કલરના ચણિયાચોળી પહેર્યા હતા. આ પ્રસંગે કોકિલાબહેન અને પરિવારના અન્ય સભ્યો સાથેની તસવીરમાં પણ અનંત અને રાધિકા દેખાયા હતા. અંબાણી પરિવાર અને તેમના નિકટના મિત્રો પાર્થિવ ગોહિલના ગરબાના તાલે ઝૂમ્યા હતાં.

### બિગ બોસમાં મચ્યો કોહરામ!

# યુટ્યુબર અરમાન મલિકે વિશાલ પાંડેને માર્યો લાફો!

## અરમાન મલિકની પત્ની પાયલ મલિક બિગ બોસ ઓટીટીમાં વીકેન્ડ કા વારમાં ગેસ્ટ તરીકે આવી હતી



અરમાન મલિકની પત્ની પાયલ મલિક બિગ બોસ ઓટીટીમાં વીકેન્ડ કા વારમાં ગેસ્ટ તરીકે આવી હતી. જ્યાં તેણે પરિવારની સામે વિશાલ પાંડેના ઈરાદાનો પર્દાફાશ કર્યો હતો. તેણે કહ્યું કે વિશાલની કૃતિકા પર ખરાબ નજર છે. બિગ બોસ ઓટીટી ૩ ના ઘરમાં જોરદાર લડાઈ થઈ છે. શોની પૂર્વ સ્પર્ધક અને અરમાન મલિકની પહેલી પત્ની પાયલ મલિક વીકેન્ડ કા વાર એપિસોડમાં આવી હતી. પાયલે બિગ બોસ ઓટીટી ૩ સ્પર્ધક વિશાલ પાંડે પર કૃતિકા મલિકને ખરાબ નજરથી જોવાનો આરોપ લગાવ્યો, ત્યારબાદ અરમાને વિશાલને થપ્પડ મારી દીધો હતો. પાયલ મલિકે અનિલ કપૂરને કહ્યું કે હું અહીં એ કહેવા માટે આવી છું કે બિગ બોસમાં શું ચાલી રહ્યું છે અને હું ખરેખર નિરાશ છું. વિશાલ પાંડે સાથે વાત કરતી વખતે પાયલે કહ્યું- 'તમે કેમેરામાં કંઈક કહ્યું જે મારા મતે ઘણું ખોટું હતું. કૃતિકા વિશે તમે જે કહ્યું તે સ્વીકાર્ય નથી! તે એક માતા અને પત્ની છે અને તમારે તેનું સન્માન કરવું જોઈએ. આ બાદ અનિલ કપૂરે પણ વિશાલનો ક્લાસ લીધો હતો.જે બાદ અરમાને પુછતા ખબર પડી કે વિશાલે તેની બીજી પત્ની કૃતિકા પર કમેન્ટ કરી હતી જે બાદ અરમાને વિશાલને લાફો મારી દીધો હતો. પાયલ મલિકના આ આરોપ પછી અરમાન મલિક અને વિશાલ પાંડે વચ્ચે આ મુદ્દે ઉગ્ર ચર્ચા થઈ હતી. આ પછી અરમાને ગુસ્સામાં વિશાલને થપ્પડ મારી હતી. આવી સ્થિતિમાં વિશાલ પાંડે પણ અરમાન સાથે લડતો જોવા મળ્યો હતો, જોકે પરિવારના સભ્યોએ બંનેને રોક્યા હતા.



તમને જણાવી દઈએ કે આ પહેલા લવકેશ કટારિયા સાથે વાત કરતા વિશાલ પાંડેએઅરમાનમલિકનીબીજી પત્ની કૃતિકા મલિક પર ટિપ્પણી કરી હતી. અરમાન મલિકની પત્ની પાયલ મલિક બિગ બોસ ઓટીટીમાં વીકેન્ડ કા વારમાં ગેસ્ટ તરીકે આવી હતી અગાઉ તેણે કૃતિકાને કહ્યું હતું- 'તું મેકઅપ વગર સારી દેખાય છે. જોકે કૃતિકાએ આ અંગે કોઈ પ્રતિક્રિયા આપી ન હતી. આ પછી વિશાલે લવકેશને કહ્યું હતું કે, ભાભી મને ગમે છે, મારો મતલબ હું સારી રીતે કહું છું.

### 'બકિંગહામ મર્ડર્સ'માં એકતા કપૂર કો-પ્રોડ્યુસર છે

# એક્ટર અને પ્રોડ્યુસર તરીકે કરીનાની પહેલી ફિલ્મ સપ્ટેમ્બરમાં રિલીઝ થશે

## કરીના કપૂરએ હવે ધીરે-ધીરે ટિપિકલ બોલિવૂડ મસાલા ફિલ્મની સાથે થોડા પેરેલલ સિનેમા પ્રકારના ગંભીર રોલ કરવાનું પણ શરૂ કર્યું છે



કરીનાએ હવે ધીરે ધીરે ટિપિકલ બોલિવૂડ મસાલા ફિલ્મની સાથે થોડા પેરેલલ સિનેમા પ્રકારના ગંભીર રોલ કરવાનું પણ શરૂ કર્યું છે. થોડા વખત પહેલાં તેની 'જાને જાન' આવેલી. હવે કરીના કપૂરની વધુ એક ફિલ્મની રિલીઝ ડેટ જાહેર કરી દેવામાં આવી છે. તે અજય દેવગન સાથે રોહિત શેટ્ટીની 'સિંઘમ અગેઈન' કરી રહી છે, તે ઉપરાંત હંસલ મહેતાની ફિલ્મ 'બકિંગહામ મર્ડર્સ'ની પણ આતુરતાથી રાહ જોવાઈ રહી છે. ૧ જુલાઈના રોજ કરીના કપૂર ખાન અને બાલાજી મોશન પિક્ચર્સ દ્વારા 'બકિંગહામ મર્ડર્સ'ના પોસ્ટર જાહેર કરીને કરીનાના લૂક સાથે તેની ડેટ પણ જાહેર કરી દેવામાં આવી છે. આ પોસ્ટરમાં કરીના ખુબ ચેલેન્જિંગ રોલમાં જોવા મળે છે. તેની આ ફિલ્મ ૧૩ સપ્ટેમ્બરે થિયેટરમાં રિલીઝ થશે. પોસ્ટર શેર કરતી પોસ્ટમાં લખવામાં આવ્યું હતું,"હંસલ મહેતા દ્વારા ડિરેક્ટ થયેલી અને જેમાં કરીના કપૂર સ્ટાર છે એવી 'બકિંગહામ મર્ડર્સ'૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ થિએટરમાં રિલીઝ થશે તે જાહેર કરતાં અમે ખુબ ઉત્સુક છીએ." આ એક ઈન્ટેન્સ થ્રિલર ફિલ્મ છે, જેમાં હિડન એજન્ડા અને સંબંધો સાથેની એક જકડી રાખે તેવી મર્ડર મિસ્ટરી જોવા મળશે. આ ફિલ્મમાં કરીના સિવાય એશ ટંડન, રણવીર બ્રાર અને કિથ એલન વિવિધ ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મ અસીમ અરોરા, કશ્યપ કપૂર અને રાઘવ રાજ કક્કડ દ્વારા લખવામાં આવી છે અને કરીના કપૂર અને બાલાજી ટેલિફિલ્મ્સ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે.




### સાઈ કેતનની ખાસ ફ્રેન્ડે શિવાંગી ખેડકરે કર્યો મોટો ખુલાસો

# ચંદ્રિકા દીક્ષિતની 'ડબલ ગેમ'નો પર્દાફાશ!



બિગ બોસ ઓટીટી ૩'માં દરરોજ ખતરનાક લડાઈ જોવા મળી રહી છે. ગઈકાલે રાત્રે સાઈ કેતન રાવની ફ્રેન્ડ શિવાંગી ખેડકર શોમાં આવી હતી જ્યાં તે ચંદ્રિકા દીક્ષિત એટલે કે વડાપાવ ગર્લ પર ગુસ્સે થતી જોવા મળી હતી. સ્પર્ધકોએ અનિલ કપૂરની સામે ખૂબ જ હંગામો મચાવ્યો હતો. 'બિગ બોસ ઓટીટી ૩'નું આ અઠવાડિયું ખૂબ જ મજેદાર રહ્યું. ગઈકાલે રાત્રે વિકેન્ડ કા વારમાં ઘણી બધી રસપ્રદ વસ્તુઓ જોવા મળી હતી. હોસ્ટ અનિલ કપૂરે શો દરમિયાન સના મકબૂલ અને વિશાલ પાંડેની ક્લાસ લગાવી હતી. આ પછી, સાઈ કેતન રાવની ખાસ ફ્રેન્ડ શિવાંગી ખેડકરે 'વડા પાવ ગર્લ' એટલે કે ચંદ્રિકા દીક્ષિતની ડબલ ગેમનો પર્દાફાશ કર્યો. તેનો અસલી ચહેરો પણ બહાર લાવ્યો. હવે આ ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. તમને જણાવી દઈએ કે ગત એપિસોડમાં ચંદ્રિકા દીક્ષિતે સાઈ કેતન વિશે 'મસાજ' વિશે વાત કરી હતી, જેના પછી એવી ઘણી ચર્ચા થઈ હતી કે ક્યાંકને ક્યાંક ચંદ્રિકા સાઈ કેતન રાવ પર તેના ખોટા ઈરાદાઓ માટે દોષી ઠેરવી રહી છે. તમને જણાવી દઈએ કે એક એપિસોડ દરમિયાન ચંદ્રિકા દીક્ષિતના હાથમાં થોડી સમસ્યા થઈ હતી, જેના પછી તેણે ડોક્ટરની સલાહ લેવી પડી હતી. આ પછી ચંદ્રિકાએ કહ્યું હતું કે તેને હાથમાં ખૂબ દુખાવો થઈ રહ્યો છે. આ સાંભળીને સાઈ કેતન રાવે ચંદ્રિકાને પૂછ્યું કે શું તે તેને મસાજની જરૂર છે? તો તેની મદદ કરી શકે છે. આ વાતને લઈને ચંદ્રિકા દીક્ષિતે સના મકબૂલ વાત ફેરવીને ખોટી રીતે કહી છે. ચંદ્રિકાએ સનાને કહ્યું હતું કે સાઈ તેને મસાજ આપવાનું કહી રહ્યો હતો, જેની તેણે ના પાડી દીધી હતી. પોતાનું નિવેદન પૂરું કરતાં ચંદ્રિકા દીક્ષિતે સના મકબૂલને કહ્યું કે તેનો માણસ બહાર બેઠો છે. તેને તે ગમશે નહીં. તેણે મને આ શરતે શોમાં મોકલ્યો છે કે તે હંમેશા છોકરીઓ સાથે બેડ શેર કરશે. સાઈ કેતન રાવની બેસ્ટ ફ્રેન્ડ શિવાંગી ખેડકરે આવીને ચંદ્રિકાના આ નિવેદનનો ખુલાસો કર્યો.



### ફિલ્મના મેકર્સે ૨ ઓગસ્ટની તારીખ નક્કી કરી છે

# 'કલ્કિ'ના કારણે રોકાયેલી 'ઔરોં મેં કહાં દમ થા' ઓગસ્ટમાં રિલીઝ થશે

## છેલ્લા ઘણા દિવસોથી એવા અહેવાલો આવી રહ્યા છે કે 'ઔરોં મેં કહાં દમ થા' ફિલ્મની રિલીઝ પાછી ઠેલાઈ છે

છેલ્લા ત્રણ દિવસોથી અહેવાલો આવી રહ્યા છે કે 'ઔરોં મેં કહાં દમ થા'ની રિલીઝ પાછી ઠેલાઈ છે. અગાઉ આ ફિલ્મ ૫ જુલાઈ, શુક્રવારે રિલીઝ થવાની હતી. પરંતુ ત્રીજી જુલાઈએ જાહેરાત કરવામાં આવી કે એક્ઝિબિટર્સ અને ડિસ્ટ્રિબ્યુશન સાથે સંકળાયેલાં લોકોની વિનંતિને માન આપીને આ ફિલ્મની રિલીઝ પોસ્ટપોન થઈ છે. હવે આ ફિલ્મ ૨ ઓગસ્ટે રિલીઝ થશે. પહેલાં ફિલ્મના મેકર્સ જુલાઈના બીજા અઠવાડિયામાં રિલીઝ કરવાનું વિચારતા હતા. પરંતુ પછી તેમણે ૨ ઓગસ્ટની તારીખ નક્કી કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સફળતાપૂર્વક બોક્સ ઓફિસ પર દોડી રહેલી 'કલ્કિ'ના કારણે પૂરતાં શો મેળવવામાં તકલીફ ન પડે તેથી આ ફિલ્મ પોસ્ટપોન કરવામાં આવી છે. એક એક્ઝિબિટરે કહ્યું,"ઓગસ્ટ ૨ સારી તારીખ છે. કારણ કે ૨૬ જુલાઈએ 'ડેડપૂલ એન્ડ વુલ્વેરીન' રિલીઝ થઈ રહી છે. તેથી એક દિવસે બે મોટી ફિલ્મો રિલીઝ કરવી યોગ્ય નથી." જોકે, હવે ૨ ઓગસ્ટે પણ 'ઔરોં મેં કહાં દમ થા'ની સીધી ટક્કર જાન્હવી કપૂરની 'ઉલઝ' અને વિક્રાંત મેસીની 'ધ સાબરમતી રીપોર્ટ' સાથે થવાની છે. આ ઉપરાંત ફિલ્મના મેકર્સે ૩ જુલાઈએ સીબીએફસી પાસેથી ફિલ્મ માટે બે ટીઝરની પણ મંજૂરી મેળવી લીધી છે. આ બંને પ્રોમોમાં નવી તારીખો દર્શાવાશે. આ બંને ટીઝર ૪૫ અને ૪૬ સેકન્ડના છે. રસપ્રદ વાત એ છે કે ૪૫ સેકન્ડના ટીઝરને સેન્સર બોર્ડે યુએ સર્ટિફિકેટ આપ્યું છે અને ૪૬ સેકન્ડના ટીઝરને યૂ સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. આ ફિલ્મમાં અજય અને તબુ સાથે જિમી શેરગિલ, સાઈ માંજરેકર અને શાંતનુ મહેશ્વરી પણ જોવા મળશે.




# 'ઘૂમર' ફિલ્મની સફળતાએ સૈયામી ખેર માટે ફિલ્મોની ઓફરમાં વધારો ન કર્યો

સૈયામી ખેરે વર્ષ ૨૦૧૬માં 'મિર્ઝ્યા' ફિલ્મથી બોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું, જે રાકેશ ઓમ પ્રકાશ મહેરા દ્વારા ડિરેક્ટ કરવામાં આવી હતી. ત્યાર બાદ 'ચોક્ડ', 'અનપોઝ્ડ', 'ઘૂમર' અને છેલ્લે 'શર્માજી કી બેટી'માં તેના કામને વખાણવામાં તો આવ્યું, પરંતુ સૈયામી માને છે કે, એક્ટિંગ માટે વખાણના કારણે તેને ઈન્ડસ્ટ્રીમાં કામ મેળવવામાં ખાસ મદદ મળી નથી. ગયા અઠવાડિયે સૈયામીની સાક્ષી તન્વર અને દિવ્યા દત્તા સાથે ઓટીટી પર રિલીઝ થયેલી ફિલ્મ 'શર્માજી કી બેટી'માં ફરી એક વખત તે એક ક્રિકેટરનો રોલ કરી રહી છે. આ ફિલ્મ સંદર્ભે આપેલાં એક ઈન્ટરવ્યૂમાં સૈય્યામીએ કહ્યું, મોટા ડાયરેક્ટર્સે તેના વખાણ તો કર્યા છે, પણ કોઈ ઓફર આપતું નથી. "મને ઘણા બધાં ફિલ્મમેકર્સ તરફથી એટલી બધી સરાહની અને પ્રેમ મળ્યા કે હું ભાવુક થઈ જતી." તેથી સૈયામીને આશા હતી કે તેઓ કદાચ તેના વિશે વિચારશે. મારે તેમની ફિલ્મો માટેના વિઝનનો ભાગ બનવું છે. સૈયામી કહે છે કે તે આર બાલ્કિ, નીરજ પાંડે, અનુરાગ કશ્યપ અને રાકેશ ઓમપ્રકાશ મહેરાની આભારી છે, તેમણે તેને તક આપી. "પરંતુ હું લાલચુ છું, અને કાશ મને વધારે રોલ મળ્યા હોત." સૈયામી કહે છે કે તેણે મર્યાદિત વિકલ્પોમાંથી તેના રોલની પસંદગી કરવી પડે છે. તેને એવા રોલ કરવા છે, જેમાં તે પોતાની અભિનય ક્ષમતા વધુ સારી રીતે દર્શાવી શકે. "તેને વધુ વૈવિધ્ય અને વધારે પ્રકારના રોલ કરવા છે." સૈયામી ખેરની ઈચ્છા મોટા બેનર અને એ-ગ્રેડ સ્ટાર્સ સાથે ફિલ્મ કરવાની છે. ફિલ્મી કરિયરમાં સૈયામીને સારા ડાયરેક્ટર્સ અને સારા રોલ મળ્યા છે, પણ બોલિવૂડની આગવી ઓળખ જેવી મસાલા ફિલ્મો તેને મળી નથી. હવે તે રાહુલ ધોળકિયાની ફિલ્મ 'અગ્નિ'માં એક ફાયરફાઈટરના રોલમાં જોવા મળશે. આ ફિલ્મ ફરહાન અખ્તર અને રિતેશ સિધવાની દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે.

### યશરાજ સ્પાય યુનિવર્સની નવી ફિલ્મનું નામ ફાઈનલ

# 'આલ્ફા'માં આલિયા ભટ્ટ અને શર્વરી સુપર એજન્ટ્સના રોલમાં

## આલિયા અને શર્વરીએ ઇન્સ્ટાગ્રામ પર એક નાનું ટીઝર જાહેર કરીને ફિલ્મ 'આલ્ફા'નાં નામની જાહેરાત કરી છે

છેલ્લા ઘણાં સમયથી આલિયા યશરાજના સ્પાય યુનિવર્સની ફિલ્મ કરી રહી હોવાની ચર્ચાઓ ચાલતી હતી. ત્યારે શુક્રવારે આલિયા ભટ્ટે ફિલ્મના નામની ઓફિશિયલ અનાઉન્સમેન્ટ કરીને ફૅન્સને સરપ્રાઈઝ આપી હતી. યશરાજ ફિલ્મ્સ દ્વારા આદિત્ય ચોપરાના સ્પાય યુનિવર્સની જે ફિલ્મની સૌથી વધુ રાહ જોવાતી હતી તેનું નામ હવે જાહેર થઈ ગયું છે. આલિયા અને શર્વરીએ ઈન્સ્ટાગ્રામ પર એક નાનું ટીઝર જાહેર કરીને ફિલ્મ 'આલ્ફા'નાં નામની જાહેરાત કરી છે. ફિલ્મના ટીઝરમાં આલિયાનો વોઈસ ઓવર પણ સાંભળવા મળે છે. આ ટીઝરમાં આલિયાના અવાજમાં સંભળાય છે,"ગ્રીક અક્ષરોમાં સૌથી પહેલો અક્ષર, અને અમારા પ્રોગ્રામનો હેતુ. સૌથી પહેલાં, સૌથી તેજ, સૌથી વીર. ધ્યાનથી જુઓ તો દરેક શહેરમાં એક જંગલ છે. અને જંગલમાં હંમેશા રાજ કરશે....આલ્ફા." ટીઝરમાં આલ્ફાની ડિઝાઈન બતાવવામાં આવી અને પછી જાહેરાત કરવામાં આવી, "હાલ ફિલ્મ બની રહી છે". આલિયા અને શર્વરીએ શેર કરેલી પોસ્ટમાં લખ્યું હતું, "હવે આ આલ્ફાનો સમય છે... ગર્લ્સ!" વર્ષ ૨૦૧૨માં યશરાજ ફિલ્મ્સ દ્વારા સલમાન ખાન અને કેટરિના કૈફની 'એક થા ટાઈગર' સાથે સ્પાય યુનિવર્સની શરૂઆત કરવામાં આવી હતી. ત્યાર બાદ ૨૦૧૭માં તેની સીક્વલ 'ટાઈગર અભી ઝિંદા હે' આવેલી. ૨૦૧૮માં રિતિક રોશન અને ટાઈગર શ્રોફની 'વૉર' આવેલી. અંતે ૨૦૨૩માં 'પઠાણ' હતી, જેમાં શાહરૂખ અને દીપિકા એજન્ટની ભૂમિકામાં હતા, આ જ વર્ષે 'ટાઈગર ૩' પણ આવી હતી. હવે યશરાજના સ્પાય યુનિવર્સની બે ફિલ્મો આવી રહી છે, રિતિક રોશન અને જુનિયર એનટીઆરની 'વૉર ૨' અને શર્વરી તેમજ આલિયાની 'આલ્ફા'.



### વર્ષોથી હિન્દુ ઉત્સવોમા મીઠાચોક વિસ્તાર મોટું હિંદુઓનું ગઢ રહેલ છે

# ઝાલોદ મીઠાચોક વિસ્તારમાં હિન્દુ મકાન હિન્દુ સમાજના બહારના વ્યક્તિને વેચાતા સ્થાનિકો દ્વારા વિરોધ કરાયો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

ઝાલોદ મીઠાચોક વિસ્તારમા એક હિન્દુ સમાજના વ્યક્તિએ હિન્દુ સમુદાય થી વિપરીત બહારના સમાજના વ્યક્તિને મકાન વેંચી દેતા હિન્દુ સમુદાયમા રોષની લાગણી જોવા મળી. મીઠાચોક વિસ્તારમાં દરેક ઘરોની દિવાલો પર હિન્દુ બચાવો, હિન્દુ વિસ્તાર બચાવો, અસાંત ધારો લાગુ કરો, ઝાલોદ બચાવો જેવા પોસ્ટર મારેલા જોવા મળેલ હતા તેમજ આ વિસ્તારમાં મોટી વસ્તી હિન્દુઓની છે જેથી હિન્દુ સિવાયના કોઈ પણ સમાજના વ્યક્તિને જો કોઈ પણ વ્યક્તિ મકાન વેચે તો હિન્દુઓનુ હિત જોખમાય તેવી પરિસ્થિતિ પેદા થાય તેવું બની શકે છે. હાલની પરિસ્થિતિમા એક હિન્દુ સમુદાયના વ્યક્તિએ હિન્દુ સમાજના બહારના વ્યક્તિને મકાન વેચી દેતા અહીં રહેતા સ્થાનિકોમા રોષ ફાટી નીકળેલ હતો.

બનાવની વિગત એવી છે કે મીઠાચોક વિસ્તારમાં આવેલ શેઠાણી ફળિયામાં એક ત્રણ માળનું મકાન આવેલ છે જેમાં નીચેના ભાગમાં દિલીપ ભટ્ટ અને તેમના પરિવારનો કબજો છે તેમજ ઉપરના બે માળ પર વૈષ્ણવ પરિવારના વનિત કોઠારીનો કબજો છે. ગ્રાઉંડ ફ્લોર પર કબજો ધરાવનાર હિન્દુ સમાજના વ્યક્તિ દિલીપ ભટ્ટ દ્વારા આ મકાન હિન્દુ સમુદાય બહારના વ્યક્તિ મકબુલ લખારાને વેચી દેતા આખા મીઠાચોક વિસ્તારમાં રોષ ફાટી નીકળેલ હતો. આ મકાનની ૫૦ મીટરની અંદર ઝુલેલાલ મંદિર, ૫૦ મીટરની અંડર રામજી મંદિર, ૨૦ મીટરની અંદર વલ્લભ સખી મંડળ, ૭૦ મીટરની અંદર હનુમાનજી મંદિર જેવા હિન્દુ સ્થાનકો આવેલ છે. આ વિસ્તારમાં નગરના દરેક મોટા હિન્દુ ઉત્સવની યાત્રા નીકળતી હોય છે અને અહીંયા યાત્રા દરમ્યાન રોકાણ કરી હિન્દુ પરંપરા મુજબના પ્રોગ્રામો અવાર નવાર થતા રહે છે. આ વિસ્તાર હિન્દુ સમાજનો ગઢ હોવાથી જો હિન્દુ સમાજ બહારના કોઈ પણ વ્યક્તિને આ મકાન વેચવામાં આવે તો આ વિસ્તારની શાંતિ જોખમાય તેવું બની શકે છે. જેથી અહીં રહેનાર સ્થાનિક હિન્દુઓ દ્વારા તત્કાળ અશાંત ધારાનો નિયમ લાગુ કરવામાં આવે તેવી તીવ્ર લોકમાંગ ઉઠવા પામી છે.સાથે સાથે મીઠાચોક વિસ્તારમાં રહેતા સ્થાનિકો તેમજ નગરમાં રહેતા હિન્દુ સમાજ દ્વારા દ્વારા અશાંત ધારો લાગુ કરવા માટે ઝાલોદ મામલતદાર, પ્રાંત અધિકારી, દાહોદ જિલ્લા કલેક્ટર, મુખ્યમંત્રી તેમજ પ્રધાનમંત્રી સુધી ઉચ્ચસ્તરે રજૂઆત કરવામાં આવનાર છે. જો અશાંત ધારો આ વિસ્તારમાં જલ્દી લાગુ કરવામાં નહીં આવેતો આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવનાર છે. હાલ તો મીઠાચોક વિસ્તારમાં રહેનાર લોકોની પ્રબળ માંગ એ છે કે જે હિન્દુ સમાજના વ્યક્તિએ હિન્દુ સમાજની બહારના વ્યક્તિને મકાન વેચેલ છે તેનો દસ્તાવેજ તાત્કાલિક રદ કરવામાં આવે.

# ઝાલોદ તાલુકાના કંબોઇ ધામ ખાતે ઈન્ટરનેશનલ યરઓફ ઓફ ઓફ મિલેટ કીટ વિતરણ કાર્યક્રમ ધારાસભ્ય મહેશ ભુરીયાની ઉપસ્થિતીમાં કરવામાં આવ્યો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।



તારીખ ૮ જુલાઈ ૨૦૨૪ ને સોમવાર નાં રોજ કંબોઈ ધામે ખાતે ઈન્ટરનેશનલ યરઓફ ઓફ ઓફ મિલેટ કીટ વિતરણ કાર્યક્રમ ધારાસભ્ય મહેશ ભુરીયાની ઉપસ્થિતીમાં આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ અંતર્ગત નાગલી (બાવટો) બિયારણ કીટનું વિતરણ કરવામાં આવ્યું જેમા જી.પં. ના સભ્ય લલીત ભુરીયા, સુનિલ હઠીલા, જીલ્લા ખેતીવાડી અધિકારી પથીક દવે, તાલુકા વિકાસ અધિકારી ગઠવી, તા. પં. પૂર્વ પ્રમુખ દિનેશ નિનામા, તા. પં. પૂર્વ ઉપ પ્રમુખ અનિતા મછાર, માધુ ડામોર, સુરેશ કિશોરી., રીટા નિનામા, ઝાલોદ તા. ભા. જ. પા મહામંત્રી કાળુ નિસરતા. ભાજપા ઝાલોદ તાલુકાના ઉપ પ્રમુખ મુકેશ ખાંગુડા. એ. પી. એમ. સી ના ડીરેક્ટર જેસિંગ વસૈયા., તા. ખેતીવાડી અધિકારી ખરાડી. તેમજ તમામ ગ્રામ પંચાયત ના સરપંચો તેમજ કાર્યકર્તાઓ, ગ્રામ સેવકો, તેમજ સમગ્ર તાલુકાના ખેડુતો ભાઈઓ મોટી સંખ્યા મા ઉપસ્થિત રહ્યા અને અનેક પૂર્વ મંજુરી ઓડર વિતરણ કરવામાં પણ આવ્યા ખેતીવાડી વિશે જાણકારી માહિતી પણ આપવામાં આવી હતી.

# આણંદના વઘાસી ગામનાં તળાવમાં સેંકડો માછલીઓનાં શંકાસ્પદ મોત

। આણંદ, તા.૮ ।

આણંદના વઘાસી ગામનાં તળાવમાં સેંકડો માછલીઓનાં શંકાસ્પદ મોત થતા દુર્ગંધથી સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વઘાસી ગામના તળાવમાં અસંખ્ય માછલીઓના શંકાસ્પદ મોત નિપજતા તળાવનાં કિનારે અસંખ્ય મરેલી માછલીઓનાં ઢગ લાગી ગયા છે. મરેલી માછલીઓની દુર્ગંધથી નજીકમાં રહેતા લોકો પરેશાન થઈ ઉઠ્યા છે. સ્થાનિક રહીશો દ્વારા આ અંગે ગ્રામ પંચાયતને જાણ કરવા છતાં તળાવના કિનારેથી દુર્ગંધ મારતી માછલીઓ દૂર કરવામાં નહીં આવતા હવે ધીમે ધીમે માછલીઓ કોહવાઈ રહી છે અને જેના કારણે રોગચાળો ફેલાવાની ભીતિ રહેલી છે. તળાવમાં એક સાથે અસંખ્ય માછલીઓનાં મોત નીપજવાની ઘટનાને લઈને ચકચાર મચી જવા પામી છે. તળાવનાં કિનારે મૃત માછલીઓના ઢગલા લાગ્યા છે. જો કે એક સાથે અસંખ્ય માછલીઓનાં મોતને લઈને રહસ્ય સર્જાયું છે. તળાવની ચારે તરફ કીનારા પર મૃત માછલીઓના ઢગલા જોવા મળી રહ્યા છે. તળાવનું પાણી પ્રદુષિત થવાના કારણે માછલીઓનાં મોત થયા છે કે પછી કોઈ અન્ય કારણ છે? તે અંગે અનેક શંકા કુશંકાઓ ચાલી રહી છે.

### ઝાલોદની ૭ શાળાના ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો

# દિવ્ય ભાસ્કર આયોજિત જુનિયર એડિટર સ્પર્ધામાં ઝાલોદના સાત વિદ્યાર્થી ઝળક્યા


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।



દિવ્ય ભાસ્કર દ્વારા વિવિધ અભિયાન દ્વારા તેના વિવિધ વાચકો અને જનજાગૃતિના કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. વર્ષ૨૦૨૪માં રાષ્ટ્રીય કક્ષાએ ખાટે જુનિયર એડિટર-૦૪ દ્વારા વિદ્યાર્થીઓમા લેખન વાંચન અને અખબારી જગતમાં રુચિ કેળવાય તેમજ વિદ્યાર્થીઓપી રહેથી પ્રતિભાઓ સમાજ સમક્ષ આવે આવે તે માટે ઘોરણ 1 thi 12 વિદ્યાર્થીઓને ચાર ગ્રુપમાં વિવિધ વિભાગમાં વિભાજીત કરીને પેપર મેકિંગ, સમાચાર સેટીંગ, જાહેરાત બનાવવી, સાંપ્રત ઘટનાઓના અહેવાલ લેખન તેમજ પ્રતિભાશાળી વ્યક્તિઓના ઈન્ટરવ્યૂ જેવા વિવિધ વિષયોમાં રાષ્ટ્રીય કક્ષાએ સ્થાનિક ભાષામાં પેપર મેકીંગ સ્પર્ધાનું આયોજન માર્ચમાં રાખવામાં આવ્યું હતું.

જેમાં ઝાલોદ નગરની સાત શાળાઓ માંથી ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ એ જુનિયર એડિટરના સ્પર્ધક તરીકે સમાચાર સેટિંગ જાહેરાત ભાગ લીધો હતો. જેમાથી કુલ સાત વિદ્યાર્થીઓએ જુદા જુદા અહેવાલ લેખન તેમજ વિભાગમાં વિજેતા બન્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને દિવ્ય ભાસ્કર દ્વારા શિલ્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળા પરિવાર સંચાલક મંડળ અને દિવ્ય ભાસ્કર ઝાલોદ તરફથી વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સાથે સાથે ઈતર પ્રવૃત્તિ માટે બાળકોને મોટિવેટ કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્યોને પણ શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓમા મૌલાના આઝાદ સ્કૂલના રઈના પટેલ (એ), શાયમાં તુક્કા (બી), ઈનારા ડોકીલા (સી) રહીમ મકરાણી (ડી),જયારે નારાયણી સ્કૂલના ડેલીસા બમ (એ) ,કૃષ્ણા પંચાલ (બી), દિશા ગોહિલ (સી) જિલ્લા કક્ષાએ વિજેતા બન્યા હતા.

# દીવડા કોલોની એસ.ટી. સમયપત્રક

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના દીવડા કોલોની વસાહતમાં વિવિધ ખાતાના કર્મચારીઓ ઉપરાંત વેપારી વર્ગ પણ વસવાટ કરે છે. અનેક કર્મચારીઓને સરકારી કામ યા તો સામાજિક કામ અર્થે બહારગામ જવા આવવાનું થતું હોય છે કે જેના માટે બસ સ્ટેન્ડ ઉપર સમય પત્રક ની તાતી જરૂરીયાત હોઈ શ્રી બી.આર.ડીંડોર સાહેબ,(વિભાગીય નિયામક શ્રી ગોધરા.) શ્રી સોલંકી સાહેબ (ડી.ટી.ઓ. ગોધરા) શ્રી સંગાડા સાહેબ (ડેપો મેનેજર શ્રી સંતરામપુર) તેમજ શ્રી જાગૃતિબેન ગણાવા (ડેપો મેનેજર શ્રી લુણાવાડા) ને આ અંગે જાગૃત નાગરિકો દ્વારા ધ્યાન ઉપર લાવતા અધિકારીશ્રીઓએ સહકારિતા ની ભાવનાને ધ્યાનમાં લઈ આ અંગે વિનંતી ગ્રાહ્ય રાખી માગણી પૂર્ણ કરેલ હોઈ પ્રજાજનોમાં નવી રોશની અને ઉત્સાહ જોવા મળે છે.

## ડીઓટીએશ્રી અમરનાથજી યાત્રા ૨૦૨૪ માટે ટેલિકોમ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વધાર્યું

। નવી દિલ્હી, તા.૮ ।

દૂરસંચાર વિભાગ (ડીઓટી) એ શ્રી અમરનાથજી યાત્રા ૨૦૨૪માં ભાગ લેનારા યાત્રાળુઓ માટે અવિરત મોબાઈલ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરવા માટે ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં નોંધપાત્ર સુધારાની જાહેરાત કરી છે. એરટેલ, બીએસએનએલ અને રિલાયન્સ જિયો સહિત મુખ્ય ટેલિકોમ સર્વિસ પ્રોવાઈડર્સ (ટીએસપી)ના સહયોગથી, યાત્રા માર્ગો પર સતત કવરેજ પ્રદાન કરવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અપગ્રેડ કરવામાં આવ્યું છે.

# દાહોદના દેવગઢ બારીઆમાં જુગાર રમતા ભાજપ શહેર મહામંત્રી સહિત અન્ય ઈસમો ઝડપાયા


તસ્વીર : અજય અગ્રવાલ, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૮ ।

દેવગઢ બારીઆ નગરના કાપડી વિસ્તારમાં જુગારધામ પર પોલીસ દ્વારા રેડ કરવામાં આવીમાં હતી જેમાં જુગાર રમતા ઈસમો માં દેવગઢ બારીઆ શહેર ના ભાજપ લઘુમતી મોરચાના મહામંત્રીને પણ જુગાર રમતા રંગેહાથ મુદ્દામાલ સાથે ઝડપી પાડેલા જેમાં મોબાઈલ અને વાહનો સહિત મુદ્દામાલ લાખ રૂપિયા થયો હતો પોલીસ દ્વારા આ જુગારીઓને ઝડપી આગળ ની કાર્યવાહી હાથ ધરેલ છે.

# નવા સંકલ્પો અને લાયન્સ અનસ્ટોપેબલ ના સૂત્ર સાથે લાયન્સ ક્લબ સરખેજ ની ઇન્સ્ટોલેશન શેરમની યોજાઈ



। અમદાવાદ, તા.૮ ।

લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ એ વિશ્વની સૌથી મોટી સેવાકીય ક્લબ સંસ્થા છે. લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલ પાસે ૨૦૬ થી વધુ દેશો અને ભૌગોલિક વિસ્તારોમાં ૪૫,૦૦૦ થી વધુ ક્લબમાં ૧.૩૫ મિલિયન સભ્યો છે. નવા લાયન્સ ક્લબ સરખેજ સભ્યોએ હર્ષો ઉલ્લાસ સાથે આ ઈન્સ્ટોલેશન શેરે મણીમાં ભાગ લીધો હતો. લાયન્સ ક્લબ સરખેજના પ્રેસિડેન્ટના સુબોજિત સેને એ આ પ્રસંગે જણાવ્યું હતું કે, લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ની આ વર્ષ ની થીમ છે લાયન્સ અનસ્ટોપેબલ. જે રીતે છેલ્લા ૧૦૬ વર્ષથી લાયન્સ ગ્રુપ અવિરત રીતે સેવાકીય કાર્ય કરતુ આવ્યું છે એવી જ રીતે આ વર્ષમાં લાયન દ્વારા ગૌસેવા, પર્યાવરણ લક્ષી અને બીજા અનેક કાર્યક્રમો કરવામાં આવશે.

ભૂતપૂર્વ ડીસ્ટ્રીક ગવર્નર મુકેશ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું લાયન્સ ગ્રુપે આ વખતે 'અનસ્ટોપેબલ લાયન્સ દ્વારા નવયુવાનો ને સાથે જોડી ને યુવાન પેઢીને પણ સામાજિક પ્રવુતિઓમા જોડાવાનો પ્રયાસ કરશે.

# રેલવે મંત્રાલયની વિશેષ યોજના હેઠળ આગામી બે વર્ષમાં ૧૦,૦૦૦ નોન-એર કન્ડિશન્ડ કોચ બનાવવામાં આવશે

। અમદાવાદ, તા.૮ ।

રેલ મંત્રાલય દ્વારા કરવામાં આવેલી જાહેરાત મુજબ, વિશેષ યોજના હેઠળ આગામી બે વર્ષમાં ૧૦,૦૦૦ નોન-એર કન્ડિશન્ડ કોચનું નિર્માણ કરવામાં આવશે.

નોન-એર કન્ડિશન્ડ મુસાફરો માટે સુવિધાઓ ને વધારવા માટે રેલવે દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ભારતીય રેલવે ની યોજના આગામી બે નાણાકીય વર્ષો (૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬)માં ૧૦,૦૦૦ નોન-એર-કન્ડિશન્ડ કોચ બનાવવાની છે.

આ પહેલનો ઉદ્દેશ્ય સામાન્ય રેલ્વે મુસાફરો માટે સુવિધાઓ વધારવાનો છે.

આગામી બે વર્ષમાં નોન-એર કન્ડિશન્ડ કોચની કુલ સંખ્યામાં ૨૨ ટકાનો વધારો કરવામાં આવશે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે વિગતવાર યોજના

કુલ ઉત્પાદન ની યોજના બનાવવામાં આવી
૨,૬૦૫ સામાન્ય ડબ્બા,
૧,૪૭૦ નોન-એર કન્ડિશન્ડ સ્લીપર કોચ,
૩૨૩ એસ.એલ.આર. કોચ,
૩૨ ઉચ્ચ ક્ષમતાની પાર્સલ વાન
અને ૫૫ પેન્ટ્રી કાર.

મુસાફરોની સુવિધામાં સુધાર માટે બનાવેલ અમૃત ભારત જનરલ, સ્લીપર અને એસ. એલ આર. કોચનો સમાવેશ થાય છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે વિગતવાર યોજના

કુલ ઉત્પાદન ની યોજના બનાવવામાં આવી
૨,૭૧૦ સામાન્ય ડબ્બા,
૧,૯૧૦ નોન-એર કન્ડિશન્ડ સ્લીપર કોચ,
૫૧૪ એસ.એલ.આર. કોચ,
૨૦૦ ઉચ્ચ ક્ષમતાની પાર્સલ વાન અને
૧૧૦ પેન્ટ્રી કાર.

જનરલ, સ્લીપર અને એસ.એલ.આર.કોચ માટે અમૃત ભારત શ્રેણી પર ભાર આપવાનું ચાલુ રાખવામાં આવશે.

રેલવેનું વિશેષ ધ્યાન

બિન-વાતાનુકૂલિત કોચમાં મુસાફરી કરતા મુસાફરો માટે પર્યાપ્ત અને વધુ સારી સુવિધાઓ સુનિશ્ચિત કરવી.

મુસાફરોની વ્યક્તિગત જરૂરિયાતો અને મોસમી વધઘટના પ્રતિભાવમાં આરામ અને ઉપલબ્ધતામાં વધારો.

રેલવેની વ્યૂહરચના સામાન્ય મુસાફરોની જરૂરિયાતોને વધુ સારી રીતે પૂરી કરવાના ઉદ્દેશ્ય સાથે, ઉલ્લેખિત વર્ષોમાં બિન-વાતાનુકૂલિત કોચના ઉત્પાદનમાં વધારો કરવાની છે.

ઉચ્ચ માંગવાળા કોરિડોરમાં, નોન-એસી કોચની વધુ સંખ્યા સાથે વિશેષ ટ્રેનો ચલાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજનો દિવસ દાંતનો દુખાવો અથવા પેટમાં ગરબડ તમારી માટે સમસ્યા સર્જી શકે છે. તરત રાહત મેળવવા માટે ફિઝિશિયનની સલાહ લો. તમારી કોઈ જૂની બીમારી તમને આજ હેરાન કરી શકે છે જેના લીધે તમને હોસ્પિટલ જવું પડી શકે છે અને તમારું ઘણું ધન પણ ખર્ચ થયી શકે છે. બાળકો સાથે સમય વિતાવવો મહત્વપૂર્ણ છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજનો દિવસ તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજનો દિવસ લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. આજે કોઈ જૂનો મિત્ર તમારા થી નાણાકીય મદદ માંગી શકે છે અને જો તમે તેની મદદ કરો છો તો તમારા નાણાકીય હાલત અમુક નબળા થયી શકે છે. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે.

**કર્ક (ડ,હ) :**
આજનો દિવસ તમારી ઈચ્છાઓ પૂરી કરવા માટે અંગત સંબંધોનો દુરૂપયોગ તમારી પત્નીને ગુસ્સો અપ ાવશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. મિત્રો દ્વારા તમે મહત્વના સંપર્કો બનાવશો. આખા બ્રહ્માંડની તમામ ખુશીઓ એ બે વ્યક્તિઓ વચ્ચે હોય છે જેઓ એકમેકના પ્રેમમાં હોય છે.

**સિંહ (મ,ટ) :**
આજનો દિવસ હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ખલેલ પામ?યું છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. દિવસ ની શરૂઆત માંજ તમને કોઈ આર્થિક હાનિ થયી શકે છે જેથી આખું દિવસ ખરાબ થયી શકે છે. વ્યાજબી રહેવાનો પ્રયાસ કરજો ખાસ કરીને એવા લોકો સાથે જેઓ તમને પ્રેમ કરે છે અને તમારી દરકાર કરે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજનો દિવસ શક્ય હોય તો લાંબી મુસાફરી ટાળવી કેમ કે મુસાફરી કરવા માટે તમે ખૂબ જ નબળા છો અને આ મુસાફરી તમને વધુ નબળા પાડી શકે છે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. તમારી ખાનગી માહિતી તમારા જીવનસાથી સાથે શૅર કરતા પહેલા વિચારજો. શક્ય હોય તો.

**તુલા (ર,ત) :**
આજનો દિવસ કામનું દબાણ આજે તાણ તથા ટૅન્શન લાવી શકે છે. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો। તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. તમારૂં કામ ઓછી મહત્વતા પ્રાપ્ત કરશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજનો દિવસ મિત્ર દ્વારા જ્યોતિષ માર્ગદર્શન તમારૂં સ્વાસ્થ્ય સુધારવા માટે તમને પ્રોત્સાહિત કરશે. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો મૂડ બગાડી મૂકશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજનો દિવસ બહાર જવું-પાર્ટીઓ તથા જલસાઘર તમને આજે આનંદિત મિજાજમાં રાખશે. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો। પ ારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે. આજે તમે પ્રેમાળ મૂડમા હશો.

**મકર (ખ,જ) :**
આજનો દિવસ તમારો નિખાલસ તથા નિર્ભિક મત તમારા મિત્રના અહંકારને ઠેસ પહોંચાડી શકે છે. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. તમને તરત જરૂર ન હોય તેવી ચીજો પર જો તમે નાણાં ખર્ચશો તો તમે તમારા જીવનસાથીને નારાજ કરશો. તમારા પ્રિયપાત્ર આજે રૉમેન્ટિક મૂડમાં રહેશે. દિવાસ્વપ્નો જોવાથી તમારી પડતી થશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજનો દિવસ આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. ઘરના કામો તમને મોટા ભાગના સમયે વ્યસ્ત રાખે છે. પ્રેમ હકારાત્મક કંપનો દેખાડશે. બિઝનેસમેન્સ માટે સારો દિવસ. બિઝનેસ માટે એકાએક હાથ ધરાયેલો પ્રવાસ હકારાત્મક પરિણામ લાવશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજનો દિવસ ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. પોતાના જીવનસાથી જોડે ધન સંબંધી કોઈ બાબત ને લયી ઝગડો થયી શકે છે. જોકે તમે તમારા શાંત સ્વભાવ થી બધું ઠીક કરી દેશો। મહેમાનોની સંગત માણવા માટે અદભુત દિવસ. તમારા સગાં-સંબંધીઓ સાથે કોઈક ખાસ યોજના ઘડો.

### બાળકોનું બાળ સંસદમાં EVMમાં મતદાન કરાવાયું

# સુરતમાં શિક્ષણ સમિતિની શાળા દ્વારા બાળકોને ચૂંટણીનું જ્ઞાન અપાયું

। (એજન્સી) સુરત, તા.૮ ।

હાલમાં જ ભારતમાં સંસદની ચુંટણી પૂર્ણ થઈ છે અને ફરી સત્તાનું સુકાન દ્રઢછએ સંભાળ્યા છે ત્યારે વિદ્યાર્થી કાળથી જ બાળકોમાં લોકશાહી પ્રથાના બીજ રોપવાનો પ્રયાસ શિક્ષણ સમિતિ દ્વારા કરવામાં આવી રહ્યો છે. સુરત પાલિકાના રાંદેર ઝોનમાં આવેલી જુદી જુદી બે શાળા દ્વારા સ્કુલના બાળકોને લોકશાહીના પાઠ ભણાવવા બાળ સંસદમાં ઈવીએમ સ્ટાઈલથી મતદાન કરાવવામા આવ્યું હતું. આ ઉપરાંત ચૂંટણીનું પરિણામ પણ સ્ક્રીન પર જાહેર કરવામાં આવ્યું હતું. પ્રાથમિક શાળાઓમાં બાળકોનું ભાવિ ઘડાય છે. વયસ્ક વ્યક્તિ કરતા બાળકોની ગ્રહણશક્તિ વધુ હોય છે. શાળામાં મળતા પ્રાથમિક જ્ઞાનથી બાળકોનો સર્વાંગી વિકાસ થાય છે. જે તેમને સમાજ પ્રત્યે જવાબદાર અને જાગૃત પણ બનાવે છે. રાજ્ય સરકારની આ આવકારદાયક પહેલી બાળકોમાં લોકશાહીના મૂલ્યોનો વિકાસ થાય છે. તે માટે દર વર્ષે પાલિકાની સ્કૂલમાં બાળ સંસદની ચૂંટણી કરવામાં આવે છે અને તેમને લોકશાહીના પાઠ ભણાવવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ઉગતની શ્રી



રવિશંકર મહારાજ પ્રાથમિક શાળામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ બાળ સંસદની ચૂંટણી યોજવામાં આવી રહી છે. બાળ સંસદની રચના માટે લોકશાહી ઢબે ચૂંટણી પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેવી રીતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ચૂંટણીની પ્રક્રિયા હોય તેવી તમામ પ્રક્રિયા આ બાળ સંસદની ચૂંટણીમાં કરવામાં આવી હતી. આ શાળામાં લોકશાહી ઢબે શાળા સંસદની ચૂંટણી તથા શાળા મહામંત્રી તથા મંત્રીમંડળની રચના કરવામાં આવી. શાળાની બાલવાટીકાથી ધોરણ-૮ની તમામ વિદ્યાર્થીનીઓ મતદાતા તરીકે અને ૧૦ વિદ્યાર્થીઓ ઉમેદવાર તરીકે ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી બન્યા હતા. વિવિધ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ચૂંટણી પ્રક્રિયામાં જુદી જુદી ફરજ નિભાવી હતી. ત્યારબાદ મહામંત્રી ઉપમંત્રી, વ્યવસ્થા મંત્રી, સ્વચ્છતા મંત્રી, સાંસ્કૃતિક મંત્રી, પ્રાર્થના મંત્રી, ઈકો ક્લબ મંત્રી, જેવા વિવિધ મંત્રીઓની શપથવિધિ દ્વારા સંસદનું હુબહુ જ્ઞાન આપ્યું હતું. દેશમાં રાષ્ટ્રપતિ તથા વડાપ્રધાનનું મહત્વ સમજાવવામાં આવ્યું. મહામંત્રી તરીકે રાવળ સંધ્યા મહેશભાઈ, ઉપ મહામંત્રી તરીકે ધારીકર અર્ચના વિકાસરામની બહુમતીથી વરણી થઈ હતી. ઉપરાંત મોરાભાગળ ખાતે આવેલી તાજી સુભાષચંદ્ર બોઝ મિશ્ર પ્રાથમિક શાળા ક્રમાંક ૧૫૯ માં પણ બાળ સંસદની ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું. ચૂંટણી પ્રક્રિયામાં જે રીતે પ્રક્રિયા થાય એ રીતે બાળકોને પહેલાં જે ઉમેદવાર ચૂંટણીમાં ઉભા રહેવાના હતા તે વિદ્યાર્થીઓના ફોર્મ ભરવામાં આવ્યા હતા. ત્યારબાદ બાળકો દરેક વર્ગમાં પ્રચાર માટે પણ ગયા હતા અને જેવી રીતે ભારતીય સંવિધાનમાં લોકશાહીએ આપણો અધિકાર છે એ મહત્વ સમજાવવા માટે બાળકોની ઈવીએમ દ્વારા જેમ આપણે લોકશાહીમાં ચૂંટણી કરીએ છીએ એ પ્રકારની ચૂંટણી કરવામાં આવેલ હતી.



રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના કોર્પોરેટ અફેર્સ ડિરેક્ટર અને રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નનું આમંત્રણ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આપ્યું હતું. નથવાણીએ મુખ્યમંત્રીને ભવ્ય લક્ઝુરિયસ આમંત્રણ આપ્યું હતું.

## મહેસાણામાં મોલમાંથી ખરીદેલ દહીના ડબ્બામાં ફૂગ જોવા મળી

। (એજન્સી) મહેસાણા, તા.૮ ।

મહેસાણાના ડી-માર્ટમાંથી એક ગ્રાહકે દહીંનો ડબ્બો ખરીદ કર્યો હતો. પરંતુ દહીંના ડબ્બામાં ફૂગ વળેલી જોઈને ગ્રાહક ચોંકી ઉઠ્યો હતો. આ અંગે ડી-માર્ટને જાણ કરી હતી અને ડબ્બો બદલી આપવા માટે સ્ટાફ દ્વારા વાત કરવામાં આવી હતી. જોકે સવાલ એ છે કે, આ પ્રકારની ખાદ્ય ચીજને લઈ સ્વાસ્થ્ય પર જોખમ સર્જાઈ શકે છે. મિલ્કી મિસ્ટ નામની કંપનીનો દહીંનો એક કિલોનો ડબ્બો ખરીદ કર્યો હતો. જેમાંથી ફૂગ જોવા મળી હતી. ડબ્બો ખરીદનાર ગ્રાહક વેપારી હતો અને તેને સંતોષજનક જવાબ પણ ડી-માર્ટ તરફથી મળ્યો નહોતો.

## હાઇકોર્ટે પાક વીમાના વળતર મુદ્દે નકાર્યો સરકારનો સર્વે રિપોર્ટ

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

રાજ્યમાં ચોમાસા દરમિયાન પૂર અને અને કુદરતી હોનારતના લીધે ખેડૂતોને ભારે નુકસાન વેઠવાનો વારો આવે છે. ત્યારે ગુજરાત હાઈકોર્ટે પાક વીમાના વળતર મુદ્દે સરકારની કમિટી દ્વારા તૈયાર કરવામાં આવેલા રિપોર્ટને નકારી કાઢવામાં આવ્યો છે. જેને લઈને ખેડૂતો માટે ખુશીના સમાચાર છે. રાજ્યમાં વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માં ભારે વરસાદના લીધે ખેડૂતોના પાકને ભારે નુકસાન થયું હતું. ત્યારે રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને પાક વીમા યોજના અંતર્ગત વળતર આપવા માટે સર્વે કરવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના અંતર્ગત લાયકાત ધરાવતા ખેડૂતોને વળતર આપવા માટે સરકાર દ્વારા નિમાયેલી કમિટીએ યોગ્ય સર્વે ન કર્યો હોવાનું હાઈકોર્ટે અવલોકન કર્યું છે. ખેડૂતોની રજૂઆત સાંભળ્યા વિના સરકારની કમિટીએ રિપોર્ટ તૈયાર કર્યો હતો હોવાનું હાઈકોર્ટે કહ્યું હતું. ગુજરાત હાઈકોર્ટ દ્વારા સરકારના આ રિપોર્ટને નકારી કાઢવામાં આવ્યો હતો.








ભગવાન જગન્નાથની ૧૪૭મી રથયાત્રા નિમિતે અ.મ્યુ.કો. ગોળલીમડા ખાતે પરંપરાગત રીતે અ.મ્યુ.કો.ના પદઅધિકારીશ્રીઓ, કાઉન્સિલરશ્રીઓ અને અધિકારીગણ દ્વારા વર્ષોથી કરવામાં આવતા રથના સ્વાગતમાં હાજર રહી ભગવાન જગન્નાથની રથયાત્રાનું સ્વાગત કર્યું અને દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# કોંગ્રેસ જરૂર પડે તો ફી વધારા મામલે રસ્તા ઉપર આવશે

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

ગુજરાતમાં GMERSની મેડિકલ કોલેજની ફીમાં ધરખમ વધારા મુદ્દે અગાઉ વાલીઓ અને વિદ્યાર્થીઓએ રજૂઆત કરી હતી. આજે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે ફી વધારા અંગે કહ્યું છે કે, ભાજપની સરકાર બન્યા બાદ એક પણ સરકારી મેડિકલ કોલેજ બની નથી અને બીજી તરફ સરકાર દ્વારા ફી વધારો કરવામાં આવી રહ્યો છે. ઊંચી ફી અને ખાનગી કોલેજમાં ભણીને વિદ્યાર્થીઓ ડોક્ટર બનશે તો શોષણ થવાની પૂરી શક્યતા છે જેથી આ ફી વધારો પાછો ખેંચવામાં આવે નહિ તો કોંગ્રેસ દ્વારા સખત વિરોધ કરવામાં આવશે. શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતુ કે, ડોક્ટરમાં દેવના દર્શન થાય છે. મેં આરોગ્ય વિભાગમાં કામ કર્યુ છે. વિદ્યાર્થી ડોકટર બને ત્યારે તે સમાજની સારી સેવા કરી શકે. સરકારી મેડિકલ કોલેજમાં સસ્તી ફી સાથે ભણી શકે તો વિદ્યાર્થી સેવા કરી શકે છે. ઊંચી ફી અને ખાનગી કોલેજોમાં ભણીને ડોક્ટર બને તો તેને શોષણ થયાની ભાવના થાય છે. ૧૪ વર્ષ પહેલાં ગુજરાત સરકારે ગુજરાત મેડિકલ રિસર્ચ સોસાયટીની સ્થાપના કરી હતી. ઓછી ફી અને ફી પર કાબુ રહે તે માટે GMERSની ૧૩ મેડિકલ કોલેજોની સ્થાપના કરી હતી. ૨૮ જૂન ૨૦૨૪નો પરિપત્ર છે જેમાં ફી વધારો થયો છે. રાજ્યની ૧૩ GMERS કોલેજમાં ફીનો વધારો કરવામાં આવ્યો છે. GMERS કોલેજમાં ૮૭ ટકા સુધીનો ફી વધારો કરવામાં આવ્યો છે. સરકારી કોટામાં ૩.૪૦ લાખથી વધારીને ૫.૫ લાખ ફી કરવામાં આવી છે. મેનેજમેન્ટ કોટામાં ૯.૭ લાખથી વધારીને ૧૭ લાખ ફી કરવામાં આવી છે. NRI કોટાની ફી ૨૨,૦૦૦ ડોલરથી ૨૫,૦૦૦ ડોલર કરવામાં આવી છે. એક વર્ષ અગાઉ પણ આવો ફી વધારાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ અમે મુખ્યમંત્રીએ પત્ર લખ્યો હતો ત્યારે ચૂંટણી હોવાથી મેડિકલ કોલેજોમાં ફી વધારો કર્યો ન હતો. ત્યારે આ વર્ષે ફરી વાર આ વધારો કરવામાં આવ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી અને આરોગ્ય વિભાગને ફી વધારા સામે પત્ર લખીને મોકલીશું. આ ફી વધારાના પરિપત્રને પરત ખેંચવામાં આવે કોંગ્રેસની માગ છે. મુખ્યમંત્રી મૃદુ બનીને કોઈક નિર્ણય લે તેવું ના થાય અને ફી વધારો પરત ખેંચવામાં આવે.

# રથયાત્રાની સુખરૂપ પૂર્ણાહૂતિ બાદ અમદાવાદ પોલીસ કમિશનરશ્રીએ યોજી ડીબ્રિફિંગ બેઠક

### ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓએ તેમના અનુભવો અને વિચારોનું આદન-પ્રદાન કરી ભવિષ્યનાં આયોજનો માટે પ્રતિભાવ આપ્યો



। (માહિતી) અમદાવાદ, તા.૮ ।

સેના દ્વારા યુદ્ધમાં કોઈ મિશન પૂરું કરવામાં આવે છે ત્યાર બાદ ડીબ્રિફિંગ બેઠક યોજવામાં આવે છે, જેમાં મિશન દરમ્યાન થયેલ સારા-ખરાબ અનુભવો વિશે, આવેલી મુશ્કેલીઓ વિશે અને ભવિષ્યમાં આ પ્રકારના મિશન માટે ધ્યાનમાં રાખવાની બાબતો વિશે ખૂલીને ચર્ચા કરવામાં આવે છે. અમદાવાદ શહેરમાં અષાઢી બીજના રોજ યોજાયેલી ભગવાન જગન્નાથજીની ૧૪૭મી રથયાત્રાની સુરક્ષા વ્યવસ્થા પણ એક મિશનની તર્જ પર જ ગોઠવવામાં આવી હતી. શ્રેષ્ઠ આયોજન, આધુનિક ઉપકરણો દ્વારા સમગ્ર રથયાત્રાની સુરક્ષા વ્યવસ્થા અને પોલીસ તથા અન્ય ટુકડીઓના જવાનોની અથાક મહેનતના પરિણામે શાંતિપૂર્ણ માહોલમાં રથયાત્રા સંપન્ન થઈ છે. તે બદલ અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી જી.એસ. મલિકની અધ્યક્ષતામાં ડીબ્રિફિંગ બેઠક યોજવામાં આવી હતી.

લાખોની સંખ્યામાં ભાવિકો અને શ્રદ્ધાળુઓ આ રથયાત્રામાં ભાવપૂર્વક જોડાતા હોય છે. ત્યારે કોઈપણ પ્રકારના અનિચ્છનીય બનાવ વગર રથયાત્રા સુખરૂપ પૂર્ણ થઈ છે. યાત્રા પૂર્વે જ અમદાવાદ પોલીસ દ્વારા માત્ર સુરક્ષા વ્યવસ્થા જ નહિ, પરંતુ વિવિધ ધર્મના આગેવાનો સાથે અગ્રીમ બેઠકો યોજી આ રથયાત્રાને કોમી એકતાનું શ્રેષ્ઠ ઉદાહરણ બનાવી હતી.

રથયાત્રાના સફળ આયોજન બાદ શહેર પોલીસ કમિશનરશ્રીએ પોલીસ અધિકારી અને કર્મચારીઓને અભિનંદન પાઠવી તેમનું મનોબળ વધાર્યું હતું. ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓએ પણ આ યાત્રાની વ્યવસ્થા દરમ્યાન થયેલ તમામ અનુભવો વ્યક્ત કર્યા હતા. જેથી ભવિષ્યનાં આયોજનોને વધુ સારી રીતે પાર પાડી શકાય. આજની બેઠકમાં રથયાત્રાની સુરક્ષા વ્યવસ્થા સંભાળનાર ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓ સામેલ થયા હતા.

# લીમડીની જીવન જ્યોત વિદ્યાલયમાં EVM અને VVPETથી બાળસાંસદની ચૂંટણી યોજાઇ

। (પ્રતિનિધી) દાહોદ, તા.૮ ।

દાહોદ જીલ્લાનાં લીમડીમાં કારઠરોડ ઉપર આવેલ જીવન જ્યોત વિધ્યાલય તેમજ આર.એમ.દેવડા સ્કૂલમાં વિદ્યાર્થીઓમાં લોકશાહીનાં પર્વની ઉજવણીમાં કેવીરીતે લઈ શકાય તેમજ તેમાં કેવી રીતે વોટ નાખી શકાય તેના ભાગરૂપે વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવે તેમજ અત્યારથી સ્કૂલનાં વિદ્યાર્થીઓમાં મતદાન કરવાની જાગૃતિ ફેલાય તે હેતુથી સ્કૂલમાં વર્ગ મોનીટરની ચૂંટણીમાં સ્કૂલ દ્વારા બનાવવામાં આવેલ નવીન EVM એપ્લીકેશન થી વોટીંગ કરવામાં આવ્યું હતું. ભારત એ વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે. જેમાં લોકો દ્વારા ચૂંટાયેલ પ્રતિનિધિઓ લોકો વતી શાસન કરે છે.ચુંટણી એ લોકશાહીનું પર્વ છે.જેમાં મતદાતાઓ પોતાના કીમતી મતાધિકારનો ઉપયોગ કરે છે. જ્યારે આજનો બાળક



આવતી કાલનું ભવિષ્ય છે બાળકમાં શાળા કક્ષાએથીજ ઉત્તમ અને જવાબદાર નાગરિક તરીકેના ગુણો વિક્ષે તેની કાળજી લેવામાં આવે છે. આથી જીવન જ્યોત વિદ્યાલય લીમડી તેમજ શ્રીમતી આરએમ દેવડા માધ્યમિક સ્કૂલ લીમડીમાં બાળકોને લોકશાહી પદ્ધતિ અને ચૂંટણી પ્રક્રિયાથી માહિતગાર કરવા માટે શાળામાં બાળ સંસદની રચના કરવામાં આવી અને શાળાના આચાર્ય કુલદીપ મોરી તથા શૈલેષ ભાભોર દ્વારા તેમજ શાળાના સમગ્ર શિક્ષકોએ ભાગ લીધો હતો. જેમાં ધોરણ ૧ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓએ બાળ સંસદની ચૂંટણીમાં મતદાનમાં ભાગ લીધો હતો. તેમજ આ અંગે વિદ્યાર્થીઓને તાલીમ પણ આપવામાં આવી હતી. શાળામાં બાળ સંસદની રચના કરી શાળાની વિવિધ કામગીરીઓ બાળકોને સોંપવામાં આવી હતી અને બાળ સંસદની મુખ્ય વિશેષતા એ છે જેમાં બાળકોને મતાધિકારની સાથે સાથે નોટા અને રાઈટ ટુ રિકોલ જેવા અધિકારી પણ આપવામાં આવ્યા હતા.

# અમદાવાદની ઐતિહાસિક રથયાત્રા સ્વચ્છતામાં પણ આઈકોનિક બની, રથયાત્રા દરમિયાન સ્વચ્છતાના RRRનો સંદેશ અપાયો

। (માહિતી) અમદાવાદ, તા.૮ ।

૭/૭/૨૦૨૪ના રોજ અષાઢી બીજે અમદાવાદની ઓળખ સમાન રથયાત્રા રંગે-ચંગે પરિપૂર્ણ થઈ. વર્ષમાં એક જ વખત ભગવાન ખુદ અમદાવાદના નગરજનોને મંદિરમાંથી બહાર નિકળી સામે ચાલીને દર્શન આપવા જતા હોય છે. ત્યારે ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલભદ્રજીની એક ઝલક મેળવવા માટે લોકો તલપાપડ હોય છે. આસ્થા અને વ્યવસ્થાના શ્રેષ્ઠત્તમ સંગમ એવી આ રથયાત્રા શ્રદ્ધા, સલામતી અને સુરક્ષા, આયોજન અને અમલીકરણ સહિતની અનેક બાબતોમાં આઈકોનિક છે. ત્યારે આ વર્ષની રથયાત્રાથી લોકોમાં સ્વચ્છતાનો અસરકારક સંદેશ પહોંચ્યો છે. જેથી ૧૪૭મી રથયાત્રા સ્વચ્છતામાં પણ આઈકોનિક બની છે. શહેરની મુખ્ય રથયાત્રા તેમજ મેમનગર ગુરૂકુલ અને ઈસ્કોન મંદિરની રથયાત્રામાં પણ સ્વચ્છતાનું બખૂબી પાલન એ અભ્યાસુઓ માટે કેસસ્ટડી સમાન છે.

**આ રીતે થયું માઈક્રોપ્લાનિંગ**

જમાલપુર ખાતેથી શરૂ થયેલી રથયાત્રામાં લાખોની સંખ્યામાં નાગરિકોની હાજરીને કારણે વધુ માત્રમાં કચરાની ઉત્પન્ન થવાની શકયતા હોય છે. જેને ધ્યાનમાં રાખી આદર્શ સફાઈની કામગીરી માટે સોલિડ વેસ્ટ મેનેજમેંટ વિભાગ દ્વારા આગોતરું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ત્રણેય રથ અને તેની સાથેનો તમામ કાફલો જે રસ્તાઓ પરથી પસાર થાય છે, તે સમગ્ર રૂટને પાંચ વિભાગોમાં વહેંચવામાં આવ્યો હતો. આ રૂટ પર ૦૬ ઝોનનાં જુદા-જુદા વોર્ડના કુલ અંદાજિત ૧૦૦૦ સફાઈ કર્મયોગીઓને રસ્તાઓની સંપૂર્ણપણે સફાઈ માટેની કામગીરી સોંપવામાં આવી હતી.

વધુમાં રથયાત્રામાં ઉપસ્થિત નાગરીકોનાં આરોગ્યની સુખાકારીને ધ્યાને રાખી કાફલામાં આવેલ ૧૦૧ ટ્રકોમાં કચરો એકત્ર કરવા માટે ડસ્ટબિન બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું. નાગરિકોને પણ સ્વચ્છતા જાળવવાના હેતુથી ડસ્ટબિન બેગ આપવામાં આવી હતી. તેમજ થોડા-થોડા અંતરે કચરો એકત્ર કરવા માટે ૦૮ છોટા હાથી, ૩૦ કોમ્પેક્ટર પ્રકારના વાહનો-મશીનો કાર્યરત કરવામાં



આવ્યા હતા. આ ઉપરાંત ૦૩ ન્યૂસન્સ ટેકરો મારફતે રૂટનાં જાહેર શૌચાલયોની ‘રાઉન્ડ ધી ક્લોક’ સફાઈ કરવામાં આવી હતી. સાથોસાથ રથયાત્રાના ભ્રમણ અને ત્રણેય રથના મંદિરમાં પુનઃઆગમન બાદ મોડી રાત સુધી સમગ્ર રૂટને સ્વચ્છ અને સુઘડ બનાવવા કામગીરી કરવામાં આવી હતી. જેના અંતે ૩૦ મેટ્રિક ટન જેટલો કચરો ઉત્પન્ન થયો હતો. જેને આગળની પ્રક્રિયા માટે મોકલી આપવામાં આવ્યો હતો.

**કલાત્મક સ્વચ્છતા ટેબ્લો અને પ્લાસ્ટિક ભૂત ટોળકીએ જમાવ્યું આકર્ષણ**

સામાન્ય રીતે રથયાત્રામાં અધ્યાત્મિક વિષયો, વેશભૂષા અને કલા-કારીગરી વાળા ટેબ્લો જોડાતા હોય છે. છેલ્લા કેટલાક વર્ષોથી જાગૃતતા વધારતા ટેબ્લો પણ રથયાત્રામાં સામેલ થઈ રહ્યા છે. ત્યારે વિવિધ કલાત્મક ટેબ્લોની સાથે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા નિર્મિત સ્વચ્છતા ટેબ્લો એ આ વર્ષે આકર્ષણ જગાવ્યું હતું. આ ટેબ્લો દ્વારા લોકોને સ્વચ્છતાના RRRનો સંદેશ આપવામાં આવ્યો હતો. જેમાં દૈનિક જીવનમાં રિડ્યુસ, રિયુઝ અને રિસાયકલનું સમીકરણ અપનાવી કચરાના ઉત્પાદનમાં ઘટાડો, ફરીથી ઉપયોગ કરવા પર ભાર અને કચરાના પ્રોસેસિંગમાં યોગદાન માટેની સુંદર સમજ નાગરિકોને આપવામાં આવી. જ્યારે સ્વચ્છતા મેસ્કોટ અને પ્લાસ્ટિક ભૂત ટોળકીએ પણ નાગરિકોમાં આકર્ષણ જમાવ્યું હતું.

**સ્વચ્છતા માટે સ્વયંસેવકો દ્વારા શ્રમદાન**

આ વર્ષે રથયાત્રામાં સ્વચ્છતાનું મહત્વ સમજી યોગદાન આપવા માટે કેટલાક સ્વયંસેવકો પણ આગળ આવ્યા. જેમાં ભગવાન જગન્નાથજીના રથ ખમાસા ચાર રસ્તાથી લઈને જમાલપુર દરવાજાથી પસાર થયાં બાદ અમદાવાદ મહાનગરપાલિકા સાથે The Doorbin નામના ગ્રુપે સ્વચ્છતા માટે શ્રમદાન કર્યું. જેમાં ૧૦થી વધુ લોકોએ સ્વચ્છતા સેવક તરીકે જોડાઈને નગરના નાથની આ અનોખી સેવા કરી હતી. યુવાનોથી લઈને વડીલો પણ આ પવિત્ર ફરજ પાલનમાં સહભાગી થયા હતા. આમ, આ વર્ષની રથયાત્રામાં ભગવાનની ભક્તિ, સેવા-સમર્પણના સંદેશની સાથે સૌથી મહત્વનો એવો સ્વચ્છતા સંદેશ પણ મળ્યો છે. તો વળી સ્વચ્છતા કર્મયોગીઓને ફરજપાલનમાં જાગૃત નાગરિકોનો સથવારો મળતા તેમને પણ પ્રોત્સાહન મળ્યું છે. જ્યારે રાજ્ય સરકારના વિવિધ વિભાગો, અમદાવાદ મહાનગરપાલિકા તથા અન્ય સહયોગીઓની આયોજન કળા અને કુશળતાની પ્રતિતિ થઈ છે. જેની ચોમેર પ્રશંસા થઈ રહી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨